
# અધ્યાત્મ




વર્ષ : ૨૨ જુલાઈ : ૨૦૦૧ અંક : ૧૦

## * પોતાનો સુધારો પોતાના હાથમાં *

માણસ જો સાચેસાચ સુધરવા જ માગે તો તેનો માર્ગ સાફ છે. તેનાવિના માર્ગમાં અંતરાયરૂપ બને એવું બીજું કોઇ જ નથી. દૃઢ નિર્ધાર કરીને પુરુષાર્થ કરવા માંડી જાય તો તેને માટે કંઇ પણ અશક્ય નથી. મજબૂત પહાડોને પણ માણસે તોડી પાડયા છે ને કામમાં લીધા છે તો પોતાની જાતનો સુધારો કરવો એમાં તે વળી શી મોટી વાત છે? માણસ ધારે તો પોતાની જાતના સુધારાનું કામ સહેલાઇથી કરી શકે છે. પણ તે માટે તેણે તૈયાર થવું જોઇએ, તેની ઇચ્છા હોવી જોઇએ. ને તેણે સતત પરિશ્રમ કરવો જોઇએ. તે વિના કશું જ થઇ શકે તેમ નથી. માણસો સાધના કે સત્સંગ કરે પણ સુધરે નહિ, તો નક્કી સમજવું કે તેમને સુધરવાની ઇચ્છા જ નહિ હોય. જેને સુધરવું છે, તે તો પોતાની મેળે પણ સુધરી શકે છે. તેને માટે સત્સંગની જરૂર નથી. મનની મજબૂતીની સાથે પ્રામાણિકતાની તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. રૂપરંગ કે વેશપલટાને વળગી રહીને બેસી રહેવાનું નથી. અંદર એક ને બહાર બીજી ને બહાર એક ને અંદરખાતે બીજી એવી બેવડી અભિનય દિશાને તેણે પોષવાની નથી. બહાર ને અંદરથી તેણે અનેક રંગવાળા બનવાનું છે. પવિત્ર અને શક્તિશાળી થવાનું છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦

વિદેશમાં રૂા. ૨૫૦-૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧. ફોન : **૫૧૬૫૫૧**

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રી યોગજ્યોત વિદ્યામંદિરનું ઉદ્‌ઘાટન | શ્રી કલ્યાણ | ૧૧ |
| ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ | અંબુભાઈ ડી. પટેલ | ૨૨ |
| કઠોપનિષદ | યોગેશ્વરજી | ૨૬ |
| પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૩૬ |
| પારિજાતને પગલે | નલિની બ્રહ્મભટ્ટ | ૩૭ |
| મોરબી ધ્યાનકેન્દ્રનો રજત જયંતી મહોત્સવ | ડૉ. બી. જે. જાગાણી | ૩૮ |
| અધ્યાત્મનો અર્ક | યોગેશ્વરજી | ૪૩ |
| MANU SADHNA-2000 | Madendra Bhakta | ૪૭ |
| મૌન સાધના શિબિર–૨૦૦૦ | તંત્રી | ૫૬ |
| શ્રી વિધુભાઈ જાનીને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૬૩ |




# * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના જુલાઈ, ૨૦૦૧ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્ય-માં પનામાના શ્રી વસંતભાઈ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, સત્સંગ મંડળનાં જે કોઈ ભાઈબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગપ્રેમી ભાઈબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

—તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ જુલાઈ–૨૦૦૧ અંક : ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૫/૮/૮૧ મંગળવાર, શ્રાવણ વદ અગિયારસ, ૨૦૩૭

સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઈંગ્લેન્ડ

નિયમ પ્રમાણે દરરોજની જેમ સવારનો નિત્યક્રમ રહ્યો. લેખનબાદ આજે પૂ. શ્રી થોડો આરામ કરે છે. સાડા અગિયાર પહેલાં પૂ. શ્રી ધોતીયું પહેરી લે છે. કમ્મર ઉપર વીટેલો દોઢવાર-નો ખાદીનો ટૂકડો ગડી વાળી મૂકી દે છે.

"આજે તડકો છે, ચાલો, જરા બહાર થોડું ચાલીએ." પૂ. શ્રીના એ શબ્દો સાંભળી સર્વેશ્વરી તૈયાર થઈ જાય છે. લગભગ દશેક મિનિટ નીચે દૂર દૂર જતી લાંબી ફૂટપાથ ઉપર ચાલ્યા. તડકો હતો. શાંતિ હતી. રોડ ઉપર ગાડીઓ પાર્ક કરી હતી. દૂર એક મેદાન હતું. જેમાં નાનાં નાનાં બાળકો રમતાં હતાં. એમાં



ગુજરાતી, પંજાબી ને યુરોપીયન બાળકો પણ હતાં.

મુલાકાત સમયે એક ભાઈ પૂ. શ્રી પાસે ધ્યાનની પદ્ધતિ શીખે છે. થોડું ધ્યાનમાં પણ તે ભાઈ બેસે છે. ત્યાં જ શ્રી દ્વારિકાદાસ આવે છે.

તેઓ આજે બંડી, સ્વેટરો લાવે છે. પરંતુ એ કપડાંનો સાદર અસ્વીકાર થાય છે. ખૂબ આગ્રહ કરતાં શ્રી દ્વારિકાદાસ કહે છે, "તમારું આ જૂનું સ્વેટર મને આપી દો, ને આ નવું રાખો." સર્વેશ્વરી એમના આગ્રહનો અસ્વીકાર કરે છે.

કેવાં પ્રલોભનો ને કેવી કૃપા? શું ગણવું તે સર્વેશ્વરીને સમજાતું નથી. અપરિગ્રહના આદર્શને પહોંચવા શું પ્રભુ કસોટી કરે છે કે કૃપા કરે છે? જે હોય તે, પણ સર્વેશ્વરી અડગ રહી શકે છે, તેનો આનંદ અનુભવતાં પ્રભુને પ્રાર્થે છે. આ રીતે જીવનભર જરૂર કરતાં વધારે ન જ લેવાની વૃત્તિને સતત જાગ્રત રાખજે."

શ્રી દ્વારિકાદાસ પૂ. શ્રીને ફરી પૂછે છે : ગુરુજી, તમે આશી-ર્વાદ આપો તો જ ભારત જઈ શકાશે.

પૂ. શ્રી : જુઓ, જગદંબા જે કરે તે સારા માટે એમ માનો. જવાનું થાય તોપણ કલ્યાણ ને ન જવાનું થાય તોપણ કલ્યાણ.

સંસારની સાધારણ મા પણ બાળકનું અકલ્યાણ નથી ઈચ્છતી. તો આ તો જગતજનની છે. તે બાળકનું હંમેશાં કલ્યાણ જ ચાહે. કદી અહિત કરે જ નહીં. તમે એક વાક્ય યાદ રાખો.

જે હરિ કરશે તે મમ હિતનું,
હું હરિનો હરિ છે મમ રક્ષક.

જે સ્થિતિમાં મા જગદંબા રાખે, તે સ્થિતિમાં આનંદ માનો. ચિંતા ન કરો. અસ્વસ્થ ન થાઓ.

જુઓ, મારો આ વખતે ઇંગ્લેન્ડ આવવાનો જરાપણ વિચાર ન હતો. મા ભગવતીની ઈચ્છા ને આદેશથી આવ્યા ને આ લેસ્ટરમાં બેઠા. એમાં પણ કલ્યાણ જ છે. એમ માનું છું.

પૂ. શ્રીની ગંભીર માંદગી પ્રસંગે પણ કેવી સ્વસ્થતા હતી તે સર્વેશ્વરી તેમને કહે છે.

શ્રી દ્વારિકાદાસ : તમે તો એવી જ લીલા કરો ને? બધાંને એ નિમિત્તે પાસે ખેંચ્યા ખરું ને? દરેક વખતે એવું જ કરશો? હરિ કરશે તે કલ્યાણકારક પણ તે હરિ કંઈ તમારાથી જુદો છે?

સમય થતાં શ્રી દ્વારિકાદાસ પૂ. શ્રીની તદ્દન નજીક આવી, પલાંઠી વાળી, ખૂબ ભાવવિભોર બની પ્રણામ કરે છે. સર્વેશ્વરીને પણ તેઓ નીચા નમી પ્રણામ કરે છે. પેલા ભાઈ પણ નમસ્કાર કરી વિદાય લે છે.

શ્રી દ્વારિકાદાસની શ્રદ્ધાભક્તિની શ્રેષ્ઠતા વિશે વિચાર કરતાં કરતાં શ્રી ગોવિંદભાઈની ગાડીમાં શ્રી વિજ્યાબેનને ત્યાં આવી ગયાં.

આજે અગિયારશ છે. પૂ. શ્રી બટાકાનું શાક, દહીં વગેરે લે છે. પૂ. શ્રી દૂધ પીને જ અગિયારશ કરતા હતા, પરંતુ હાર્ટએટેક પછી થોડું ફળાહાર લેતા થયા છે.

ભોજનબાદ દરરોજ જ શ્રી વિજ્યાબેનના આગ્રહથી પૂ. શ્રી ૦ાા કલાક બેસે છે. આજે એ સત્સંગમાં ઋણાનુબંધ, પૂર્વજન્મની સુંદર ચર્ચા થાય છે.

વિજ્યાબેન સર્વેશ્વરીને કહે છે, "તમને મારી એક વિનંતિ છે. આપને મનપસંદ એક સાડી તમારે મારી પાસેથી લેવાની છે. લો તમે પસંદ કરી લો."



સર્વેશ્વરી : "આપ તો વડીલ છો. આપ મને એક કાગળ ઉપર આશીર્વાદ એવું લખી આપો, તે કાગળ જ હું મારી પાસે રાખીશ."

વિજ્યાબેન : તેવું હું લખી આપીશ, પણ એક સાડી તો તમારે મારી પાસેથી લેવી જ પડે.

સર્વેશ્વરી પોતાના નિયમને સમજાવે છે ને સાડીનો અસ્વીકાર કરે છે, દરરોજ ખૂબ પ્રેમપૂર્વક ભોજન કરાવે ને વળી ઉપરથી આ બધું આપવાની ભાવના પણ રાખે. કેવો પવિત્ર પ્રેમભાવ છે વિજ્યાબેનનો!

શ્રી વિજ્યાબેને આજે પોતાની થોડી વાતો કરતાં કહ્યું : સાતેક વરસ ઉપર ટાન્ઝાનીયાથી અહીં ઈશ્વરભરોંસે આવ્યાં. નાનાં નાનાં ત્રણ બાળક, થોડા પૈસા ને એક સૂટકેશ. લેસ્ટરમાં મંદિર છે, એવું જાણી અહીં એક દિવસ રાત્રે નવ વાગ્યે કોઈ આશરો મળશે એવી આશાથી આવ્યાં, ત્યાં આ ગોવિંદભાઈ મળ્યા. તેમણે ઘર બતાવ્યું. તે ઘર ભાડે લીધું. જીવનમાં કોઈ દુઃખ પડયું નથી.

શ્રી વિજ્યાબેનના પતિ પણ ધાર્મિક, સીધા ને સરળ હતા. દશ વરસ ટાન્ઝાનીયાના મંદિરમાં પગારવિના પૂજાનું કામ કર્યું. કોઈ અજાણ્યા આવે તેને ભોજન કરાવે. સાદુ ને સેવામય જીવન. અંતે ગીતાનો પંદરમો અધ્યાય બોલીને પ્રાણ શાંતિથી છોડેલો. એમના પુણ્યપ્રતાપે સ્થિર ને સુખી જીવન અત્યારે પણ છે. એમ શ્રી વિજ્યાબેન માને છે. ઘરમાં યુવાન બાળકો છે, પણ તેઓ પણ પ્રભુની સેવાપૂજા કરે છે. શ્રી વિજ્યાબેનના ધર્મમય સંસ્કારો બાળકોમાં પણ જોવા મળે છે. ઘણા સંતો શ્રી વિજ્યાબેનની સેવા પામે છે. એવાં સંતપ્રેમી છે વિજ્યાબેન.

એમને તન, મન, ધનથી સહકાર આપનાર શ્રી ગોવિંદભાઇ હિન્દુમંદિરના મુખ્ય સૂત્રધાર છે. તેઓ પ્રેમપૂર્વક પૂ. શ્રીની સેવા કરે છે. પ્રવચનો પણ તેમણે જ ગોઠવ્યાં છે. દરરોજ નિયમિત રીતે પ્રેમથી લેવા આવે ને ફરી મૂકી જાય. ગોવિંદભાઇ જેવા પ્રેમાળ પુરુષ, એ સેવા પ્રેમથી હસતાં હસતાં કરે છે.

સમય થતાં ઉતારા ઉપર આવી ગયાં. આરામ. રામાયણ-પારાયણનો આજે ત્રીજો ભાગ સર્વેશ્વરી પૂરો કરે છે. સાંજે પૂ. શ્રી દોઢ કલાક લેખન કરે છે.

આજે પ્રવચન બાદ એક ભાઇ પૂ. શ્રી સાથે વાતો કરે છે. પ્રણામ કરી તે ભાઇ કહે છેઃ—આપ જેવા સંતમહાત્માઓ અહીં સત્સંગનો લાભ આપવા આવો છો, એ માટે આપનો ખૂબ ખૂબ આભાર.

પૂ. શ્રી પૂછે છે : તમે ક્યાંના છો?

તે ભાઇ : આફ્રિકામાં જન્મ. સૂરતમાં માતાપિતા રહે છે. અહીં ગાયત્રી જ્ઞાનમંદિર ચાલુ કર્યું છે. દરેક નવરાત્રી વરસની ત્રણ નવરાત્રીમાં ૨૪ હજાર જપ કરું છું. દરરોજ ગાયત્રીની પાંચ માળા કરીને જ પાણી કે અનાજ લઉં છું. વધુ પ્રગતિ થાય તે માટે આશીર્વાદ આપો. મેં તમારા પ્રકાશના પંથે અને બીજા બધાં પુસ્તકો વાંચ્યાં છે તેથી જ પ્રવચન સાંભળવા આવ્યો.

પૂ. શ્રી : તમારું શું નામ છે?

તે ભાઇ : આ માટીના દેહનું નામ કાંતિભાઇ છે.

પૂ. શ્રી : જીવન ક્રાન્તિમય બનો, પછી શાંતિમય બનો અને પ્રશાંતિ પામો.



આજે પ્રવચન સ્થળથી શ્રી શ્રીકાંતભાઇ ગાડીમાં મૂકવા આવે છે. શ્રી શ્રીકાન્તભાઇનો પ્રથમ જ પરિચય છે. તેઓએ વાત કરતાં પૂછ્યું. તમારે શહેરમાં કે બીજે ફરવા જવું હોય તો હું લઇ જઇશ. શક્તિમંદિર જોયું છે? ન જોયું હોય તો કાલે જઇએ. સૌનો આગ્રહ જોતાં આવતીકાલે સર્વેશ્વરી શક્તિમંદિર અને અહીંની એક સ્કૂલ જોવા જવાનું નક્કી કરે છે. પૂ. શ્રીએ એમાં સંમતિ આપી.

ઉતારા ઉપર આવી પૂ. શ્રીએ સર્વેશ્વરીને કહ્યું : જે વસ્તુ સહજરીતે જોવાતી હોય તે જ જોવી. જોવા જવાની પણ વાસના છે. વાસના કાઢી નાંખો. પ્રભુને બતાવવી હોય તો સહજ રીતે સ્કૂલ જોવાશે. કાલે નક્કી થયું છે ને કહ્યું છે તો જઇ આવો.

વાતચીત બાદ પૂ. શ્રી બાથરૂમમાં ગયા. આજકાલ પૂ. શ્રી એક જ જોડ કપડાં બહાર વપરાશમાં લે છે. ઓઢવાની શાલ દર બે દિવસે રાતે ધોઇ નાંખે. ધોતીયું પણ એક જ રાખે. રાતે ધોઇ નાંખે. સવારે સૂકાઇ જાય. પોતાનાં કપડાં જાતે જ ધુએ. સર્વેશ્વરીને કપડાં ધોવાની સેવા મળે એવો આગ્રહ રાખે, પણ પૂ. શ્રી કહે છે. તમે કપડાં ધોવા સાથે નથી આવ્યાં. હું તો પાંચ જ મિનિટમાં રમતાં રમતાં કપડાં ધોઇ નાંખું છું.

આજે પણ પોતાની શાલ ધોઇને આવી ગયા. થોડી વાતચીત બાદ આરામ.

લેસ્ટરના હિન્દુમંદિરમાં દર અગિયારશે સત્સંગ બપોરે થાય છે. જેના તરફથી સત્સંગ હોય તેના પરિવારની શાંતિ માટે સમૂહમાં ૐ નમઃ શિવાયની એક માળા કરવામાં આવે. કોઇના તરફથી સત્સંગ ન હોય ત્યારે મંદિર તરફથી તે થાય તો ત્યારે પણ

મંદિર માટે પણ એક માળા કરવામાં આવે. એક જ દિવસે ત્રણ-ચાર બેનો તરફથી સત્સંગ હોય તો બધી બેનોના પરિવાર માટે સમૂહમાં તેટલી મંત્રજપની માળા વધુ કરવામાં આવે. શ્રી વિજ્યાબેન ઘણુંખરું એ સત્સંગનું સંચાલન કરે. શ્રી વિજ્યાબેન મંત્ર બોલે ને સૌ તે મંત્ર ઝીલે એ રીતે મંત્રજપ સમૂહમાં થાય છે. પછી સત્સંગ એટલે ભજનો થાય. (ક્રમશઃ)

O

## * મુખપૃષ્ઠની ડીઝાઇનો *

શ્રી યોગેશ લાડ, કેનેડામાં વસતો એક યુવાન વયનો કોમ્પ્યુટર ડીઝાઇનર છે. અધ્યાત્મના મુખ્યપૃષ્ઠ એટલે કે પહેલા પાનાને સુંદર આકર્ષક ડીઝાઇનોથી એકાદ વર્ષથી મઠારવાનું સરસ કામ તેણે કર્યું છે. અધ્યાત્મના આ પરિવર્તનથી વાંચકો ખૂબ પ્રભાવિત અને ખુશ થયા છે. તેની કોમ્પ્યુટર પર અધ્યાત્મને અનુરૂપ તૈયાર કરાયેલ આ નવી ડીઝાઇનો–તેની નિપુણતા અને સૂઝ બતાવે છે. ભાઇ યોગેશ પૂ. મામાં ખૂબ શ્રદ્ધા અને ભક્તિ ધરાવે છે. તેથી તો કેલગરીની શિબિરમાં સમય કાઢીને ભાગ લેવા તે ભાગ્યશાળી થયો છે. પ્રભુ તેને જીવનમાં ખૂબ ખૂબ સફળતા અપાવે એ જ પ્રાર્થના છે.

— તંત્રી



# શ્રીયોગજ્યોત વિદ્યામંદિરનું ઉદ્‌ઘાટન

શ્રી કલ્યાણ

ધરતીકંપે કુદરતની વિધ્વંસક શક્તિનો પરિચય કરાવ્યો તો એ જ જગતનિયંતાએ પોતાની વિધાયક શક્તિનો પરિચય પણ ફરીથી નવસર્જનની જ્યોત પ્રકટાવીને કરાવ્યો.

પૂ. શ્રી મા દિવ્ય પ્રેમ અને પરમ કરુણાનાં જ્યોતિર્ધર સ્વરૂપે પ્રકટીને આ સૃષ્ટિને જ્યોતિર્મય સ્વરૂપ ધરવા સમગ્ર વિશ્વમાં વિહરી રહ્યાં છે. વિધ્વંસકારી રૂપ પર પણ પૂ. શ્રી માની કરુણાદૃષ્ટિ ફરી વળી અને તેના નવસર્જનના કાર્યમાં ગૂંથાઇ ગયાં.

પૂ. શ્રી માએ નવસર્જનની સાધના ત્વરિત શરૂ પણ કરી દીધી અને તેની સિદ્ધિના ફળસ્વરૂપ તા. ૨૭ જૂન ૨૦૦૧ ના રોજ મોરબી તાલુકાના જસમતગઢ ગામે 'યોગજ્યોત વિદ્યામંદિર' નામે નવી શાળા ફક્ત અઢી માસમાં ગ્રામજનોને અર્પણ પણ કરી દીધી!

નવી શાળાનું નામ 'યોગજ્યોત વિદ્યામંદિર' શા માટે? પૂ. શ્રી મા ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુની લોકકલ્યાણની દૃષ્ટિને નજર સમક્ષ રાખીને લોકકલ્યાણની પ્રવૃત્તિઓ વિશ્વમાં વિસ્તારી રહ્યાં છે. શ્રી યોગેશ્વરપ્રભુની લોકકલ્યાણની ભાવનાના યુગકાર્યને મૂર્તસ્વરૂપ આપીને તેમની પાવન સ્મૃતિની જ્યોત આ વિશ્વમાં ઝળહળતી રહે તે માટે નવા વિદ્યાલયનું નામ પૂ. શ્રી માએ 'યોગજ્યોત વિદ્યામંદિર' આપ્યું. પૂ. શ્રી માની દૃષ્ટિને સમજાવતાં શ્રી રાજુભાઇએ કહ્યું, 'યોગજ્યોત' શબ્દમાં પૂ. શ્રી તથા તેમનાં

માતુશ્રીની સ્મૃતિ સચવાયેલી છે. યોગેશ્વર નામમાંથી 'યોગ' એ બે અક્ષરો પસંદ કરવામાં આવ્યા અને પૂ. શ્રી માતાજીનું નામ 'જ્યોતિર્મયી' શબ્દમાંથી 'જ્યોત' એ અક્ષરોને પસંદ કરવામાં આવ્યા અને નવું નામાભિધાન થયું 'યોગજ્યોત.'

આ 'યોગજ્યોત વિદ્યામંદિર'ના ઉદ્‌ઘાટનનો દિવસ જસમત-ગઢ ગામને અનેરો ઉત્સવ ધરતો ગયો. પૂ. શ્રી મા સ્વયં આજે ગ્રામજનોને 'યોગજ્યોત વિદ્યામંદિર'નું નવું મકાન અર્પણ કરવા પધારવાનાં હતાં.

આ પહેલાં આ શાળાના ભૂમિપૂજન વખતે પૂ. શ્રી મા અહીં પધાર્યાં હતાં. એટલે ગ્રામજનો પૂ. શ્રી માનો મહિમા સમજતા થયા છે. પૂ. શ્રી માની કરુણાદૃષ્ટિ કૃપાદૃષ્ટિની અનુભૂતિ ગામ-લોકોએ ભૂમિપૂજન વખતે માણી હતી. એટલે પૂ. શ્રી મા મહાન સંત છે, વિરલ વિભૂતિ છે એવી પરમ શ્રદ્ધાનો ઉદય ગ્રામ-જનોનાં હૃદયમાં થયો છે. એ ગ્રામજનોનાં હૃદયમાં પૂ. શ્રી મા પ્રત્યે પ્રકટેલી પરમ શ્રદ્ધાનું દર્શન પૂ. શ્રી માના ભાવભીના સ્વાગત વખતે માણવા મળ્યું. પૂ. શ્રી માને સત્કારવા સમસ્ત ગ્રામજનો ઉમટી પડયા છે. પૂ. શ્રી મા સમયસર પધાર્યાં. પૂ. શ્રી માનાં દર્શન કરવા સૌ ગ્રામજનોનાં મુખારવિંદપર પ્રેમભાવોનો મહાસાગર હિલ્લોળા લેતો હતો! પૂ. શ્રી માની ગાડીની આસપાસ સૌ દર્શનઘેલા બનીને વિંટળાઇ વળ્યાં. દર્શનથી સૌ તૃપ્ત બન્યાં. ગ્રામ્ય બાલિકાઓએ માથે મોતી ભરેલા કળશ ધારણ કરીને પૂ. શ્રી માનું સ્વાગત કર્યું. એક બાળાએ પૂ. શ્રી માના ભાલપ્રદેશમાં કુમકુમ તિલક કરીને પૂ. શ્રી માના આગમનને હેતથી વધાવ્યું. ગામના યુવાનો બેન્ડવાજાનાં તાલે નાચી ઊઠયા છે. ભાઇઓ બહેનો સૌ મસ્તીમાં ઝૂમતા નાચતા સ્વાગત ગીત ગાઇ રહ્યા છે.



"શેરી વળાવું સજ્જ કરાવું ઘેર આવો ને!" ઉમંગથી આકાશને ભરી દેતા સૌ સ્વાગત સરઘસમાં આનંદથી મ્હાલી રહ્યા છે. એક ગાડાને બળદો સાથે શણગારવામાં આવ્યું હતું, જેમાં શાળામાં પ્રથમ વખત દાખલ થનાર બાળકોને બેસાડવામાં આવ્યાં હતાં. જસમતગઢનું પ્રભાત આજ પૂ. શ્રી માના આગમને સોનાના સૂરજથી શોભી ઊઠયું હતું. સમગ્રગામ આજે પૂ. શ્રી માના સ્વાગત માટે ઉમટયું હતું. ઢોલ નગારાના તાલ સાથે નૃત્ય કરતાં કરતાં સૌ શાળાના મંડપ પાસે આવી પહોંચ્યાં. મંડપથી વ્યાસપીઠસુધી લાલ જાજમ પાથરી છે. તેના ઉપર શ્રી ચરણો ધરીને પૂ. શ્રી મા વ્યાસપીઠ પાસે પહોંચ્યાં છે. વ્યાસપીઠપર બેસતાં પહેલાં પૂ. શ્રી મા એક દૃષ્ટિ વિદ્યામંદિરના નવા મકાનપર ફેરવી લે છે. મકાનનું સરસ બાંધકામ જોઇને પૂ. શ્રી મા ખૂબ પ્રસન્ન થયાં છે. શાળાની બહાર પરશાળમાં પ્રભુને પ્રણામ કરીને પૂ. શ્રી મા સોફામાં બિરાજ્યાં. સામે મેદાનમાં સૌ ગ્રામજનો અને પૂ. શ્રી માના બાળભક્તો બેઠા છે. આજે સૌને પૂ. શ્રી માની પ્રેમાળગોદમાં બેસવાનું સૌભાગ્ય મળ્યું છે. તેની અનુભૂતિ અંદર-માં સહજ થતી હતી. પૂ. શ્રી મા અને બાળકોના આ પ્રેમભર્યા દર્શનમાં જ આજના ઉત્સવની સાર્થકતા પ્રગટ થતી હતી.

ભૂકંપની વેદનાથી ત્રસ્ત બાળકો માટે પૂ. શ્રી મા સુંદર નવા વિદ્યામંદિરની ભેટ લઇને પધાર્યાં છે. પૂ. શ્રી માના આ નિઃસ્વાર્થ પ્રેમને વધાવવા સૌ બાળકો મામય બની ગયાં છે. શાળાનાં પ્રાંગણમાં વિશાળ શમીયાણો ઊભો કર્યો છે. પૂ. શ્રી માના દર્શન કરવામાં સૌ એકચિત્ત બની ગયા છે. સૌનું હૃદય પણ એક જ બની ગયું છે. આજે પૂ. શ્રી માને છોડીને કોઇને ક્યાંય જવું નથી. પૂ. શ્રી માના દર્શનનો પૂરેપૂરો લાભ ઊઠાવી શકાય એટલે જમવા-નું પણ વિદ્યામંદિરનાં પ્રાંગણમાં એક જ રસોડે રાખ્યું છે. ગ્રામ-

જનોએ આજના પૂ. શ્રી માના દર્શનના ઉત્સવ પ્રસંગે પોતાનું બધું જ કાર્ય બંધ રાખીને બધી જ ચિંતાઓને એક બાજુ મૂકીને, પૂ. શ્રી માના શ્રી ચરણોમાં આવીને બેસી ગયા છે.

પૂ. શ્રી મા વ્યાસપીઠપર બિરાજ્યાં એટલે પૂ. શ્રી માના સ્વાગતનો ઉત્સવ બાળકો માણવા લાગ્યાં. સૌ બાળકોએ જ્યાં બેઠા ત્યાંથી જ પૂ. શ્રી માને અંતરના હેતથી પ્રણામ કરીને વધાવી લીધાં, પ્રેમપુષ્પોથી ઓવારણાં લઇ લીધાં. પૂ. શ્રી માના વિધિવત્ સ્વાગતમાં પણ એટલો જ ભાવ ઉમટતો હતો. શાળાના આચાર્ય-શ્રી ચંદુભાઇ, શિક્ષકો શાળાનો વિદ્યાર્થી મોરડિયા વિકાસ વિદ્યાર્થી-ની જ્યોતિ શાળાના બાંધકામમાં પૂર્ણ સહયોગ ધરનાર શ્રી ભગ-વાનજીભાઇએ પૂ. શ્રી માને પુષ્પહાર ધરી શ્રી ચરણોમાં ભાવપૂર્વક પ્રણામ કર્યાં. પૂ. શ્રી મા પ્રત્યેના પોતાના ભાવો વ્યક્ત કરવા શાળાના બાળકોએ સુંદર કાર્યક્રમો તૈયાર કર્યા છે. 'સર્વેશ્વરી માતા આવ્યાં છે. પ્રેમ અને પ્રગતિનો સંદેશ લાવ્યાં છે.' એવા ભાવ સાથે સરસ સ્વાગત રજૂ કરી પૂ. શ્રી માનું સ્વાગત કર્યું છે. વિવિધ અભિનય ગીત, લોકગીત, વગેરે ભાવપદો વ્યક્ત કરતાં આજે બાળકો થાકતાં નથી. જાણે સ્વાગત સમાપ્ત કરવાનું બાળકો-ને આજે ગમતું નથી. તો સામે પક્ષે પૂ. શ્રી મા પણ બાળકોને પ્રેમ કરવામાં નવરાં પડતાં નથી. શાળાનાં દરેક બાળકોને પૂ. શ્રી મા એક સુંદર પર્સ આપે છે. જેના ઉપર એક બાજુ પ્રભુનો સંદેશ છે. "પ્રભુ તારી પાસે ને સાથે છે" તો બીજી બાજુ પૂ. શ્રી માનો સંદેશ છે. "પ્રાર્થના કરો ને શાંતિ પામો." પૂ. શ્રી માએ આપેલું પર્સ ખાલી તો હોય જ નહિ. બાળકોના મનગમતા મોહનથાળનાં પ્રસાદથી પર્સ ભરપૂર હતું. વળી જે બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો તે સૌને લક્ષ્મીના પ્રસાદથી ભરપૂર કવરો આપીને



સૌને તૃપ્ત કર્યાં. વળી પૂ. શ્રી માની બાળકોને પ્રસાદ અર્પણવિધિ પણ કેટલી પ્રેમપૂર્ણ હતી! પૂ. શ્રી માએ સ્વયં ઊઠીને ચાલતાં ચાલતાં દરેક બાળકો પાસે જઇને પોતાના વરદહસ્તથી સૌને પ્રસાદનું વિતરણ કર્યું. આ પ્રેમોત્સવમાં પરમમાતા અને બાળકોનો પ્રેમ જ મુખ્ય છે, જે જુદા જુદા પ્રસંગોને નિમિત્ત બનાવીને વહી રહ્યો છે.

હવે પૂ. શ્રી મા દીપ પ્રકટાવીને શાળાના એક વિદ્યાર્થી પાસે રિબન કપાવીને વિધિવત્ શાળા ગ્રામજનોને અર્પણ કરે છે! ઉદ્‌ઘાટન વખતે "ૐ યોગેશ્વરાય નમઃ"ના નારાથી શાળાનું મેદાન ગૂંજી ઊઠે છે. સૌ હર્ષોલ્લાસથી આનંદિત થઇ ઊઠયા. ઉદ્‌ઘાટન બાદ પૂ. શ્રી મા શાળાના ઓરડામાં પ્રવેશ્યાં છે. પદાર્પણ કરતાંની સાથે જ પૂ. શ્રી માએ બ્લેકબોર્ડ પર લખ્યું "ૐ યોગેશ્વર રક્ષ મામ્" આ મહાન રક્ષામંત્રના લેખન સાથે પૂ. શ્રી માએ સૌને પ્રભુનું રક્ષા છત્ર ધરી દીધું! પૂ. શ્રી માએ આ રક્ષામંત્ર ધરીને સૌને ખાત્રી આપી કે જેઓ પ્રભુનો શરણાગત ભાવે આશ્રય સ્વીકારશે તેઓના તનની, મનની અને ધનની સર્વ પ્રકારે પ્રભુ રક્ષા કરશે. પ્રભુ સૌની દુર્ભાવોથી, દુર્વ્યવહારોથી, ખરાબ વ્યસનો-થી રક્ષા કરશે. પૂ. શ્રી માએ 'ૐ યોગેશ્વર રક્ષ મામ્'નું રક્ષા છત્ર ધરીને સમસ્ત જસમતગઢ ગામને અભય બનાવી દીધું!

ઉદ્‌ઘાટન વિધિબાદ પૂ. શ્રી મા શાળાના દરેક ઓરડાને પાવન શ્રી ચરણો ધરીને સૌને અમર સંદેશ ધર્યો કે આ શાળાની ભૂમિમાંથી જ્ઞાન, સંસ્કાર અને સદાચારની પરિમલ પ્રગટતી રહેશે જે સૌના જીવનને સુખ, સમૃદ્ધિ ને શાંતિથી મંડિત કરશે.

આ પ્રસંગે સરકારશ્રીના પ્રતિનિધિઓ શ્રી મકવાણા સાહેબ, શ્રી એરવાડિયા સાહેબ તથા બીજા અધિકારીઓ પણ પધાર્યા હતા. તેઓએ સરસ વાત કરતાં કહ્યું. 'પૂ. શ્રી મા જેવા સંત વિભૂતિઓ

જ્યારે સમાજસેવાનાં કાર્યમાં પ્રવેશે છે ત્યારે ખરેખર ક્રાંતિ સર્જાય છે. જનસમાજમાં સંસ્કાર, સેવા, સહયોગની ત્રિવેણી રચાય છે, કારણ કે તેઓ તદ્દન નિઃસ્વાર્થભાવે ફક્ત એક માત્ર લોકકલ્યાણની ભાવનાથી જ કાર્ય કરે છે. લોકોને સંતોનાં કાર્યોમાં પ્રબળ પ્રેમ અને અતૂટ વિશ્વાસ હોય છે. પૂ. શ્રી માએ સરકારની એક પણ પૈસાની સહાય લીધા વગર તેમ જ જનસમાજ સમક્ષ પણ સહાયની અપેક્ષા રાખ્યા વગર સ્વેચ્છાએ પ્રભુપ્રેરણાથી જે સહજ યોગદાન પૂ. શ્રી માના શ્રી ચરણોમાં ધરવામાં આવ્યું છે. તેમાંથી 'યોગજ્યોત'નું નવનિર્માણ થયું છે. આટલું અઢીમાસના ગાળામાં થયેલું નિર્માણ સેવાભાવનામાંથી સર્જી શકાય. આ એક પૂ. શ્રી માના દિવ્ય આકર્ષણનો ચમત્કાર જ છે. પૂ. શ્રી માના બાળ-ભક્તોએ રાત દિવસ જોયા વગર પ્રેમપૂર્વક ભારે પરિશ્રમ કર્યો છે. પૂ. શ્રી માની શક્તિથી જ આ શક્ય બન્યું છે. પૂ. શ્રી માના આશી-ર્વાદમાંથી પ્રગટેલા 'યોગજ્યોત વિદ્યામંદિર'માં જે પણ વિદ્યાર્થી ભણશે તેઓને પૂ. શ્રી માનાં આશીર્વાદ સહજ મળ્યા કરશે. અને ભવિષ્યમાં ઉજ્જ્વળ કારકીર્દીથી વિભૂષિત થશે.

શ્રી મકવાણા સાહેબે ખૂબ ભાવપૂર્વક કહ્યું 'અમે પણ પૂ. શ્રી માના બાળભક્તો બની ગયા છીએ. અમારી સત્તા અને અધિકાર-ની મર્યાદામાં રહીને હંમેશાં 'યોગજ્યોત વિદ્યામંદિર'ની પડખે ઊભા રહીશું, કારણ કે આ વિદ્યામંદિર નિઃસ્વાર્થ સેવા અને પ્રેમ-નું પ્રતીક છે. આ ફક્ત ઇંટ અને ચૂનાનું મકાન નથી. આ મકાન-ના પાયામાં અને કણ કણમાં પૂ. શ્રી મા વ્યાપેલાં છે. આ શાળામાં જે બાળકો ભણશે તે ચમત્કાર સર્જશે જે પૂ. શ્રી માની શક્તિનો હશે. બાળકોમાં રહેલી શક્તિને પૂ. શ્રી માના આશીર્વાદની શક્તિનું પીઠબળ મળતું રહેશે. નિષ્ઠાપૂર્વક જે બાળક આ શાળામાં અભ્યાસ કરશે તેનું ભવિષ્ય ઉજ્જ્વળ બનશે જ.



શ્રી મકવાણા સાહેબે પોતાની વાણીને આગળ વધારતાં કહ્યું, 'પૂ. શ્રી માએ જે સંસ્કાર વારસો આ શાળાના નિર્માણદ્વારા આપણ-ને આપ્યો છે તેને સંભાળવાની જવાબદારી હવે આપણી છે. આપણે પૂ. શ્રી માના પરમ પ્રેમના પ્રતીકસમી આ શાળાને જતનપૂર્વક જાળવીએ 'યોગજ્યોત વિદ્યામંદિર'નો વિદ્યાર્થી સમાજમાં પોતાની પ્રતિષ્ઠા ઊભી કરે, વિનય, વિવેક અને સચ્ચારિત્ર્યનો અગ્રદૂત બનીને 'યોગજ્યોત વિદ્યામંદિર'ની પ્રતિષ્ઠા વધારે તેવો સંકલ્પ આજના શુભદિને સૌ વિદ્યાર્થીઓએ કરવાનો છે. અમારા સહયોગમાં જ્યાં જ્યાં ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમે પૂ. શ્રી માની ક્ષમા માંગીએ છીએ. શ્રી એરવાડીયા સાહેબે કહ્યું 'જ્યાં સત્તાધીશો માનવતાનો સાદ સાંભળવામાં પાછા પડે છે, ત્યાં સાચા સંતો આગળ આવી ચમત્કાર સર્જે છે. પૂ. શ્રી માએ સૌ પ્રથમ આ સરસ્વતીનું મંદિર બનાવીને સમાજસેવાનું સર્વોત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે. પૂ. શ્રી માના આશીર્વાદથી સર્જાયેલું આ વિદ્યામંદિર સંસ્કારધામ બનીને રહેશે. પૂ. શ્રી માના આશીર્વાદ આ વિદ્યામંદિરને સતત મળતા રહે તેવી પ્રાર્થના છે.'

પૂ. શ્રી માના વડોદરાનાં યુવાભક્ત શ્રી તારકભાઇ જેઓ સ્ટ્રક્ચરલ એન્જીનીયર છે. તેઓ આ વિદ્યામંદિરોના બાંધકામની સઘળી જવાબદારી સંભાળી રહ્યા છે. તેઓએ પોતાનો ભાવ વ્યક્ત કરતાં કહ્યું, 'હું તો પૂ. શ્રી માના આ સેવાકાર્યમાં નિમિત્ત-માત્ર છું. અમારામાં પૂ. શ્રી માની જ શક્તિ કામ કરી રહી છે. પૂ. શ્રી માના સંકલ્પથી અને પ્રભુના આશીર્વાદથી જ આટલું સુંદર નિર્માણકાર્ય થઇ શક્યું છે. પૂ. શ્રી માની કૃપાથી જસમતગઢનાં લોકોનો પૂર્ણ સહકાર અમને મળતો રહ્યો છે.'

આ શાળાના શિક્ષક શ્રી ભગવાનજીભાઇએ સુંદર ભાવવાહી પત્રમાં લખ્યું છે. અમારી પ્રાર્થના પૂ. શ્રી માએ અદ્દભુત રીતે સાંભળી છે. અને અમારા સ્વપ્ન મુજબ શાળાનું નિર્માણ કરીને અમને ધન્ય કરી દીધા છે. મારે મન તો આ શાળા પૂ. શ્રી માની કૃપાનો ચમત્કાર છે. આ શાળામાં સુંદર શિક્ષણકાર્ય હાથ ધરીને બાળકોનાં સંસ્કાર ઘડતરમાં અમે સારી રીતે ભાગ ભજવી શકીએ તે માટે પૂ. શ્રી મા પાસે શક્તિ માંગીએ છીએ. શ્રી ભગવાનજી-ભાઇ આજથી એક આદર્શ શિક્ષક તરીકે જીવન જીવવાનો નિર્ણય કરે છે. તેઓએ જણાવ્યું કે પૂ. શ્રી મા અહીં પધાર્યાં છે તો મારે પણ કંઇક અર્પણ કરવું જોઇએ જ. હું આજથી મારું પાનતમાકુ-નું વ્યસન પૂ. શ્રી માના ચરણોમાં અર્પણ કરું છું.

શ્રી યોગજ્યોત વિદ્યામંદિરને આજના શુભદિને ગ્રામજનોનાં હૃદયમાં સોંપતા પૂ. શ્રી માએ પત્રમાં લખ્યું, 'પૂ. શ્રી માનો પત્ર.'

૨૭–૬–૦૧

યોગજ્યોત વિદ્યામંદિર–જશમત ગઢ

શા માટે યોગજ્યોત નામ છે? જાણો છો? સર્વમંગલ ટ્રસ્ટના સંસ્થાપક મહાત્મા શ્રી યોગેશ્વરજી છે. જેઓ સિદ્ધકક્ષાના સંત-પુરુષ ને સિદ્ધ લેખક છે. તેમના જીવનમાં સાધનાનો યોગ હતો. તપનો યોગ હતો. માનવતાનો યોગ હતો. માટે જ એમના પરમ મંગલ નામમાંથી યોગશબ્દ આપણે પસંદ કર્યો છે.

એ પરમપુરુષ મહાત્મા યોગેશ્વરજીનાં જનની–જન્મ આપ-નાર માતાનું નામ છે માતાજી જ્યોતિર્મયી. એકના એક સંતાનને માતાએ હિમાલય જવાની વિદાય આપી પોતાના સંતાનની તપશ્ચર્યા-નાં સાક્ષી બન્યાં. સાચા સાથી બન્યાં. સાથે જ રહ્યાં. માતાજી



જ્યોતિર્મયીની આદર્શ પુત્ર તરીકે મહાત્માશ્રી યોગેશ્વરજીએ સેવા પણ સર્વોત્તમ કરી. માતૃભક્ત મહાત્મા તરીકે જાણીતા બન્યા.

માતાજી જ્યોતિર્મયી એ પરમ મંગલ નામમાંથી જ્યોત શબ્દ આપણે પસંદ કર્યો છે.

એટલે 'યોગજ્યોત વિદ્યામંદિર' આપણને શિક્ષણના યોગની ને પરમ કલ્યાણના યોગની પ્રેરણા આપે છે. આપણામાં જ્ઞાનની જ્યોત પ્રગટે ને આપણે સૌ પ્રકાશીત જ્યોત બની જઇએ એવી પ્રેરણા આપે છે.

યોગજ્યોત વિદ્યામંદિરનું ભૂમિપૂજન પ્રથમ આજ ધરતી પર થયું. ને નવનિર્માણનો પ્રથમ મહોત્સવ પણ આજ ધરતી ઉપર ઉજવાઇ રહ્યો છે.

અને એથી જ જશમતગઢ યશસ્વી બની ગયું.

આપણા ગામમાં જે પ્રેમની મીઠાશ છે. માનવતાની મહેંક છે. સંપની જે સુવાસ છે. તે સઘળું સર્વોત્તમ સંસ્કારનું ભાથું આપણા બાળકોમાં પણ ઉતરો.

આ શાળાને આદર્શ શિક્ષકો મળતા રહો. આ મંદિરનાં બાળકો તેજસ્વી બનો.

સર્વમંગલ ટ્રસ્ટના સર્વોત્તમ સ્મારક તરીકે જશમતગઢના આ વિદ્યામંદિરને સ્થાન મળો.

આપ સૌનો અમે આભાર માનીએ છીએ. આપે અમારી સેવા મંજૂર રાખી. અમારા આ સેવાકાર્યમાં આપે છાંયડી ધરી. સર્વ પ્રકારે અમને સહાયક બન્યા. ફરી ફરી આપ સૌને ધન્યવાદ. આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

હે પ્રભુ વિદ્યામંદિરનું સર્વ પ્રકારે મંગલ થાઓ. વિદ્યાગુરુ-ઓનું પણ કલ્યાણ થાઓ. વિદ્યામંદિરના જીવંત નાના નાના દેવ-બાળોનો સર્વપ્રકારે ઉદય થાઓ એવી પ્રાર્થના છે.

આજ રીતે બીજે દિવસે તા. ૨૮ જૂન ૨૦૦૧ ના રોજ પૂ. શ્રી માએ આવા જ બીજા વિદ્યામંદિરનો લોકાર્પણવિધિનો કાર્ય-ક્રમ ગામ પીલુડી મધ્યે યોજીને ગ્રામજનોને 'શ્રી યોગજ્યોત વિદ્યા- મંદિર' ગ્રામજનોને અર્પણ કર્યું ત્યાં પણ ગ્રામજનોએ પૂ. શ્રી માનું ભાવભીનું સ્વાગત કરીને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. જશમતગઢની જેમ અહીં પણ આ ગામના શાળાના વિદ્યાર્થી-ઓને પૂ. શ્રી માએ સહાય કરી. અહીં પણ શાળા ગ્રામજનોનાં હાથમાં સોંપતાં પૂ. શ્રી માએ લખ્યું : 'હે પ્રભુ વિદ્યામંદિરનું સર્વ-પ્રકારે મંગલ થાઓ'

"વિદ્યાગુરુઓનું પણ કલ્યાણ થાઓ"

"વિદ્યામંદિરનાં નાના નાના દેવબાળોનો સર્વ પ્રકારે ઉદય થાઓ એવી પ્રાર્થના છે."

* * *

ધરતીકંપની આફતમાંથી ઉગારવા પૂ. શ્રી માએ અહીંના ગામડાઓમાં પ્રકટાવેલી 'યોગજ્યોત વિદ્યામંદિર'ની સંસ્કાર જ્યોત અનેક બાળકોનાં જીવનને ઉજ્જ્વળ કરશે એટલું જ નહિ પરંતુ ભવિષ્યમાં આ સંસ્કાર જ્યોત વધુને વધુ પ્રજ્વલિત થઇને જન-સમાજમાં વિસ્તરીને અનેક માનવનાં જીવન પથને સુસંસ્કારોથી સંપન્ન કરીને સુખ, શાંતિ અને સમૃદ્ધિનાં પંથે દોરી જશે એમાં કોઇ શંકા નથી.

હે મા, આ વિશ્વમાં વિધાયક અને વિધ્વંસક ઉભયવિધ



પ્રવાહો વહ્યા કરે છે. તેમાં અંતે અશિવનો નહીં શિવનો જ વિજય થાય છે. ધરતીકંપની તારાજી વચ્ચે તમે પ્રકટાવેલી 'યોગજ્યોત વિદ્યામંદિરોની જ્યોત શિવત્વનાં વિજયની સાક્ષી પૂરતી યુગો સુધી ઝળહળતી રહેશે.

હે મા, શ્રી ચરણોમાં પ્રણામ. પારવિનાના પ્રણામ.

પ્રેમ પ્લાવિત પ્રાણે, પરમ પૂજ્યભાવે,

પ્રશસ્તિપૂર્વક પ્રેમપૂર્વક પ્રણામ.

યોગના અભ્યાસથી સૌથી પહેલો અને મહત્ત્વનો લાભ-અશુદ્ધિના નાશનો છે. આ અશુદ્ધિ તનની અને મનની બંને-ની છે. બંને જાતની અશુદ્ધિમાંથી કોઇના પ્રત્યે પણ આંખ-મીંચામણાં ના કરી શકાય. યોગના અભ્યાસથી શરીર અને મન બંને નિર્મળ ને મજબૂત બને છે. યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨

# ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ

સરદાર પટેલ વાડી પાસે, સંસ્થા વસાહત, રાવપુરા,
વડોદરા–૩૯૦૦૦૧ ફોન : ૪૨૨૯૧૬

**૫૨ મી શિષ્ટવાચન પરીક્ષા–મહાત્મા યોગેશ્વરજી**

વિદ્યાર્થીઓ, યુવકો અને વડીલ ભાઈ–બહેનો,

આપ સૌ માટે ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ તરફથી દર વર્ષે શિષ્ટવાચન પરીક્ષાઓ યોજવામાં આવે છે.

જીવન ચરિત્રો, દૃષ્ટાંત કથાઓ અને બોધ કથાઓની લેવાતી આ પરીક્ષાઓ સમાજને સતત પ્રેરણા આપતી રહી જાગૃત રાખે છે. પૃથ્વી પર દેશોમાં સંતપુરુષોએ સમાજને પોતાના જીવનદ્વારા પ્રેરણા અને માર્ગદર્શન આપી સાચો રાહ ચિંધ્યો છે. યોગેશ્વરજીની હિમાલયની તપસ્યા, સાહિત્ય સર્જન અને આમજનતાની સેવાનો પરિચય મળશે.

૫૨ મી શિષ્ટવાચન પરીક્ષાના આ પુસ્તકમાંથી સૌના જીવનમાં ઉચ્ચ આદર્શો સહજ અને સરલ રીતે પ્રગટાવે તે ઉદ્દેશથી શુભેચ્છા સાથે "મહાત્મા યોગેશ્વરજી" આ પ્રેરણાદાયી પુસ્તકમાંથી જીવનોપયોગી બોધ પ્રાપ્ત થશે તે ઉદ્દેશથી "મહાત્મા યોગેશ્વર" પુસ્તક પરીક્ષા માટે પસંદ કર્યું છે.

૧. પચ્ચીસથી વધુ પરીક્ષાર્થીઓ હશે તો તે ગામને કે શાળાને પરીક્ષાનું કેન્દ્ર મળશે ત્યાં જ પરીક્ષા લેવાશે.

૨. પ્રશ્નપત્રો અહીંથી મળશે, ઉત્તરવહીની વ્યવસ્થા જે તે કેન્દ્રોએ કે પરીક્ષાર્થીઓએ કરવાની રહેશે.



૩. પરીક્ષા ફી રૂ. ૫–૦૦ છે. જેમાંથી વ્યવસ્થા ખર્ચ પેટે રૂ. ૧–૦૦ કેન્દ્ર પર રાખી રૂ. ૪–૦૦ પ્રમાણે અત્રે મોકલવાનો રહેશે.

૪. પુસ્તકની કિંમતે રૂ. ૧૦–૦૦ જેવી થાય પરંતુ "શ્રી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટની ઉદારતાથી" પરીક્ષાર્થીઓ માટે રૂ. ૫–૦૦ રાખેલ છે. પોસ્ટથી મંગાવનારે રૂ. ૭–૦૦ પ્રમાણે મોકલવાના રહેશે.

૫. બુક લગભગ ૧૪૪ પેજની સારા કાગળમાં સુંદર છપાઈમાં છે. છતાં વધુમાં વધુ લાભ લઈ શકાય તે માટે કિંમત ખૂબ જ સસ્તી રાખી છે.

૬. મનીઓર્ડરથી રકમ મોકલનારે પરીક્ષા ફી અને પુસ્તકની રકમની વિગત મ.ઓ.સ્લીપમાં અલગ અલગ બતાવવી જરૂરી છે.

૭. જરૂરી સંખ્યામાં પુસ્તકો વહેલી તકે મંગાવી લેવા. પુસ્તક ન મળવાના કારણે પરીક્ષા ફી પરત આપી શકાશે નહીં. આ પુસ્તકની કદાચ વધુ પ્રમાણમાં માંગ થાય તેવું લાગે છે. તો વહેલી તકે મેળવી લેશો.

૮. આ પરીક્ષા શિષ્ટવાચન અને જીવન ઘડતર માટે પ્રેરણાત્મક હોઈ અગાઉના પરીક્ષાર્થીઓ પણ નવી પ્રેરણાઓ મેળવી શકે તે માટે આ પરીક્ષામાં બેસી શકે છે. યોગેશ્વરજી સંત સાહિત્યકાર પણ હતા.

૯. પરીક્ષામાં સફળ થનાર દરેકને પ્રમાણપત્ર આપવામાં આવશે. જે જિલ્લામાંથી વધુ સંખ્યા થશે તેને રાજ્યનો ફરતો શિલ્ડ અપાશે. વધુ પરીક્ષાર્થીઓ બેસાડનાર કેન્દ્રને ચંદ્રક અપાશે. અને પ્રથમ પાંચ વિદ્યાર્થીને ઈનામ અપાશે.

૧૦. જે ત્રણ કેન્દ્રો વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસાડશે તેના સંચાલકને રૂા. ૫૦૧/૩૦૧/૨૦૧ અપાશે. ગઇ વખતે વધુ પરીક્ષાર્થીઓ વિદ્યાર્થી સહાયક ભરૂચ–ઉમલ્લા કેન્દ્રે બેસાડયા હતા.

૧૧. ૫૨ મી શિષ્ટવાચન પરીક્ષા તા. ૨૨–૯–૨૦૦૧ જે તે કેન્દ્ર પર લેવાશે (તમારા કેન્દ્ર પર).

૧૨. પરીક્ષાર્થીઓની નીચે મુજબની યાદીની ત્રણ નકલો તથા ફીની રકમ મોડામાં મોડી તા. ૩૧–૮–૨૦૦૧ સુધીમાં મોકલી આપશો. પુસ્તકો તુરત જ મેળવી લેશો જેથી પાછળથી મળે નહિ તેવું બને.

૧૩. આંગડીયાની સેવા ઉપલબ્ધ હોય તો તેમનું સરનામું તથા આશરે ત્યાંના પીનકોડ નંબર અવશ્ય જણાવશો.

૧૪. કેન્દ્રે મોકલવાની યાદી

શિષ્ટવાચન પરીક્ષા માટે નીચેની વિગતો અને કોલમો પ્રમાણે ૩ નકલમાં યાદી બનાવવી જરૂરી છે.

| અ.નં. નંબર | પરીક્ષાર્થીનું નામ | ઉંમર | અભ્યાસ | પરીક્ષાર્થીનો બેઠક નંબર | મેળવેલ ગુણ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

અનુક્રમ નંબર ૫ અને ૬ ના કોલમ ટ્રસ્ટને ભરવા ખાલી રાખશો
બાકીના ૧ થી ૪ કોલમ સ્થાનિક કેન્દ્રે ભરીને મોકલવાં.

૧૫. પુસ્તકો ગુજરાત પુ. સ. સ. મંડળ લિ. ની નીચેની શાખાઓમાંથી પણ મળશે.

આપના તથા આપની સંસ્થાના પસંદગીના અન્ય પુસ્તકો ખરીદવાનું એક માત્ર પુસ્તકાલયોનું સહકારી સ્થળ.



(૧) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧. ફોન : ૪૨૨૯૧૬.

(૨) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. સરદાર શોપીંગ સેન્ટર, રાજમહેલ રોડ, મહેસાણા, (ઉ. ગુ.) ફોન : ૫૨૪૨૬.

(૩) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. જુમ્મા મસ્જિદ સામે, ગાંધીરોડ, અમદાવાદ. ફોન : ૫૩૮૧૪૮૦.

આ પત્રિકા આપશ્રીને આજુબાજુની રસ ધરાવતી વ્યક્તિઓ કે સંસ્થાઓને પહોંચાડવા વિનંતી છે. હાઇસ્કૂલ/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ખાસ પહોંચાડશો.

આપનો,
અંબુભાઇ ડી. પટેલ તથા ચંપકસિંહ રા. ગોહિલ.
પ્રમુખ ઉપપ્રમુખ

પોતાના માટેના વધારે પડતા, અતિશયોક્તિવાળા, આધારવિનાના તકલાદી કે હવાઇ ખ્યાલોના મોહમાંથી પણ સાધકે બચવાનું જરૂરી છે. યોગેશ્વરજી

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૧.

# કઠોપનિષદ્

યોગેશ્વરજી

## શ્રેય ને પ્રેય

પોતાની પ્રશસ્તિના અનુસંધાનમાં આગળ વધતાં યમદેવ બીજી પણ કેટલીક માર્મિક વાતો કહી દે છે. તેમાં શરૂઆતમાં જ શ્રેય ને પ્રેય વિશે ઊંડતો વિચાર રજૂ થાય છે.

શ્રેય એટલે આત્મકલ્યાણ ને પ્રેય એટલે વિશાળ અર્થમાં સંસારના પ્રિય લાગનારા પદાર્થો. જીવનમાં મનુષ્યની સામે એ બંને વસ્તુઓ આવીને ઊભી રહે છે. મતલબ કે એક તબક્કો તેના જીવનમાં એવો આવે છે કે જ્યારે તેણે આત્મકલ્યાણનો માર્ગ અથવા તો સંસારનો ભોગ કે સુખોપભોગનો માર્ગ એ બેમાંથી એકની પસંદગી કરવાની રહે છે. મોટે ભાગે માણસ સાંસારિક સુખની ઇચ્છા રાખે છે. સંસારના ભોગ્ય પદાર્થોમાં તેનું મન વધારે પ્રમાણમાં ડૂબેલું હોય છે. તેથી જીવનના દેખીતાં છતાં કામચલાઉ સુખ ને આનંદ માટે તે પ્રેયને પસંદ કરે છે ને શ્રેયની સાધનાને છોડી દે છે. પરંતુ જે વિવેકી ને વિચારશીલ છે તે તો સંસારના સુખોપભોગને ગૌણ ગણીને આત્મોન્નતિની સાધનાનો સ્વીકાર કરે છે. તે જાણે છે કે જીવનને સાચા અર્થમાં જીવન બનાવવા ને સુખી કરવા આત્મોન્નતિ અત્યંત આવશ્યક છે. તેથી કોઇ પણ કારણે ને કોઇ પણ સંજોગોમાં તે શ્રેય કે કલ્યાણની કેડીનો અનાદર નથી કરતો.

એનો અર્થ કેટલાક લોકો માને છે તેમ એવો જરૂર નથી કે



શ્રેય ને પ્રેય બે વિરોધી માર્ગ છે, બંનેને એકમેક સાથે કાંઇ જ લાગતું-વળગતું નથી, બંનેનો સંબંધ જાણે સાવકી માતાનાં બે સંતાન જેવો છે, ને એકને અપનાવનારે બીજાનો ત્યાગ કરવો જ જોઇએ. બંને માર્ગો તદ્દન વિરોધી નથી. બંનેની જીવનમાં વત્તે-ઓછે અંશે જરૂર છે. જીવનને સમૃદ્ધ, સુખી ને સુશોભિત કરવા માટે જેમ પ્રેયની જરૂર છે, તેમ તેને ઉજ્જવળ, સફળ, મુક્ત ને સંપૂર્ણ બનાવવા શ્રેયની એટલે કે આત્મોન્નતિની સાધનાની પણ જરૂર છે. એટલે બંનેમાંથી એકે તરફ માણસે સૂગ કેળવવાની કે આંખમીંચામણાં કરવાની જરૂર નથી. પંખીની બે પાંખ ને માનવ-ની બંને આંખની જેમ જીવનની શોભા ને સમૃદ્ધિ માટે બંનેની જરૂર છે. માટે કોઇનોય અનાદર કર્યાવિના માણસે તે બંને માર્ગે આગળ વધવાનું છે. પરંતુ કેટલીક વાર જીવનમાં એવા સંજોગો ઊભા થાય છે જ્યારે માણસે બેમાંથી એકની જ પસંદગી કરવી પડે છે. મતલબ કે સત્યની શોધ કે આત્મોન્નતિ માટે તે ગૂંગળા-મણ અનુભવે છે ને આતુર બને છે. તેને એમ થાય છે કે બધું ધ્યાન, બધી શક્તિ ને બધો સમય આત્મોન્નતિની સાધના માટે જ વાપરવાની જરૂર છે. તે વિના તેનાથી રહેવાતું જ નથી. તેને ચેન નથી પડતું. તેવા સંજોગોમાં બાહ્ય રીતે પ્રેયનો તિરસ્કાર ન હોવા છતાં તે શ્રેય તરફ પુષ્કળ પ્રમાણમાં ઢળી પડે છે. મીરાંની દશા તેવી જ હતી. ધ્રુવ ને બુદ્ધના સંબંધમાં પણ તેવું જ બન્યું હતું. આધુનિક યુગમાં શ્રી અરવિંદ જેવા મહાપુરુષનો ઉલ્લેખ પણ તે જ રીતે કરી શકાય. એવા સંજોગોમાં માણસની નિશ્ચયશક્તિ, આદર્શપરતા, મક્કમતા, ટેક ને તમન્નાની કસોટી થાય છે. વિવેકી ને મજબૂત ઇચ્છાશક્તિવાળા માણસો તે કસોટીમાંથી સરળતાથી પાર ઉતરે છે ને આત્મોન્નતિને માર્ગે આગળ વધે છે. ધ્યેયની

પ્રાપ્તિ પછી તેવા મહાપુરુષો કેટલીક વાર સાંસારિક સુખોપભોગથી સંપન્ન જીવન જીવતા દેખાય છે ને તેમને જોઇને અવિવેકી લોકો તેમને વિષયાસક્તિવાળા ને માયામાં ડૂબેલા કે પડેલા માને છે, ને ટીકા કરે છે કે પહેલાં તે ત્યાગ ને વૈરાગ્ય તથા તપની દૃષ્ટિએ ઊંચી કક્ષાના હતા પણ હવે નથી. હવે તેમનું પતન થયું છે. પરંતુ તે તેમનું અજ્ઞાન જ બતાવે છે. તે મહાપુરુષોની નાડને બરાબર ન ઓળખવાથી જ તે એવા પ્રલાપ કરતા હોય છે. કેટલાક સાધકોના સંબંધમાં તેમના અભિપ્રાય જરૂર સાચા હોય છે. તેવા સાધકોના દિલમાં અતૃપ્ત દશામાં સૂઇ રહેલી ભોગેચ્છાની ભાવના તેમને સંસારના પ્રિય પદાર્થોમાં ખેંચી લાવે છે ને પહેલાંના કઠોર જીવનને બદલે તે સુખસગવડવાળું ને વિલાસી જીવન; જીવવા માંડે છે; મોટે ભાગે તેમાં આસક્ત થઇને તેમની આંતરનિષ્ઠામાંથી પણ તે ચલિત થાય છે. પરંતુ બધા જ સાધક કે મહાપુરુષોને અભિપ્રાયને, વણમાગ્યા અભિપ્રાયને એક ત્રાજવે તોળવાની જરૂર નથી. કેટલાક મહાપુરુષો જરૂરી સાધના કે ઉન્નતિ કરી લીધા પછી સહેજે મળતા સુખ કે સગવડના પદાર્થોને સ્વીકારી પોતાના બાહ્યજીવનમાં ફેરફાર કરે છે તેનું કારણ તેમની ભોગપ્રિયતા કે છૂપી વાસના નથી હોતાં, પરંતુ પરિસ્થિતિ ને જાગૃતિ તથા ઊંડી સમજ હોય છે. તે કદી પ્રેમ અથવા સુખસગવડનાં બાહ્ય દુન્યવી સાધનોનો તિરસ્કાર કે અનાદર નથી કરતા. ફક્ત પરિસ્થિતિને લીધે તેમને અમુક જાતનું કઠોર કે કષ્ટમય જીવન જીવવું પડે છે. પણ તેવું જીવન જીવ્યા જ કરવું એ તેમનું ધ્યેય નથી હોતું. તે તો કોઇ કારણે ઉપસ્થિત થયેલો એક કામચલાઉ તબક્કો હોય છે તે પૂરો થતાં ને પરિસ્થિતિ વધારે અનુકૂળ થતાં, પોતાના વિકાસના સિદ્ધાંતોને વફાદાર રહીને, પોતાના બાહ્ય જીવનમાં કે રૂપરંગમાં



ફેરફાર થતો હોય તો તે થવા દે છે. પરંતુ કોઇ પણ કારણે ને કોઇ પણ સંજોગોમાં તેમની હૃદયશુદ્ધિ કે નીતિમત્તા ને પ્રભુપરાયણતામાં ફેર પડતો નથી. આસક્તિમાં અટવાઇને તે ભાન ભૂલતા કે માર્ગ મૂકતા નથી. એ રીતે તેમને સમજીએ તો તેમને માટેના વ્યર્થ પ્રલાપો ને અભિપ્રાયોનો અંત આવે. બુદ્ધિ ને હૃદય બંનેની વિશાળતા ને વિમળતા એ માટે આવશ્યક છે.

### (૭) આત્માનું જ્ઞાન

નચિકેતાએ બધાં પ્રલોભનોને ગૌણ ગણીને પોતાની સત્યપરતા બતાવી આપી તે માટે યમદેવે તેને અભિનંદન આપ્યા. તે પછી આત્મજ્ઞાનની શરૂઆત કરતાં કહેવા માંડયું : આત્મા છે ને તે અમર છે. શરીરમાં તેની ઉપસ્થિતિથી જ શરીર કામ કરે છે. જીવન આટલું જ છે ને તે પછી એટલે મરણ પછી કશું જ નથી એમ માનવું ખોટું છે. આ જીવન પૂરું થયા પછી પણ બીજું અનંત જીવન બાકી રહે છે એમ જે જાણે છે તે જ સાચા અર્થમાં જ્ઞાની છે. આત્મા શું છે તેની મોટાભાગના લોકોને કલ્પના પણ નથી હોતી. આત્મા વિશે ઘણાને સાંભળવા પણ મળતું નથી. તેમ જ કોઇ તેને વિશે માહિતી મેળવે, તોપણ તેને પ્રત્યક્ષ રીતે જાણવાનું ઓળખવાનું કે મેળવવાનું કામ અત્યંત અઘરું છે. કેવળ બુદ્ધિ, દલીલ કે તર્કથી આત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી તેમ જ તેની પૂરી માહિતી પણ મળી શકતી નથી. અનુભવી પુરુષ એને વિશે જ્યારે સમજાવે ત્યારે જ થોડીઘણી માહિતી મળી શકે છે. સામાન્ય માણસ પાસેથી એની માહિતી નથી મળી શકતી. એની માહિતી મેળવવાની ઇચ્છાવાળા માણસો પણ સંસારમાં વિરલ છે. તારામાં તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તાલાવેલી છે, તે જોઇને, હે

નચિકેતા, મને અત્યંત આનંદ થયો છે. તારા જેવો દૃઢ નિશ્ચય-વાળો જિજ્ઞાસુ ખરેખર ન મળે. સ્વર્ગની ને બીજી ભોગેચ્છાનો તેં ત્યાગ કર્યો છે. આત્મા અત્યંત ગૂઢ છે. સર્વવ્યાપક ને હૃદયરૂપી ગુફામાં રહેલો છે. વળી સૌથી જૂનો ને પ્રાચીન છે. એ આત્મા જ્ઞાન મેળવીને, સારી પેઠે સમજીને તથા આત્માનો પ્રત્યક્ષ અનુ-ભવ કરીને માણસ આનંદમય બની જાય છે કેમ કે આત્મા પોતે જ આનંદમય છે. હે નચિકેતા, આત્માનું એ મહાન ને મંગલ મંદિર તારે માટે ઊઘડી ગયું છે એમ હું માનું છું. તું તેમાં પ્રવેશ કરવા ને તેમાં વિરાજેલા આત્મદેવનાં દર્શન કરવા માટે તદ્દન યોગ્ય છે એ નક્કી છે.'

યમદેવતાનાં પ્રારંભિક વચનો સાંભળીને નચિકેતાને આનંદ થયો. ને કેમ ન થાય? આત્મજ્ઞાનની આવી ઉજાણીમાં સામેલ થવા તો તે આવ્યો હતો. તે તો તેનો માનીતો મનોરથ હતો. તરસ્યા, પ્રવાસીને જેમ કોઇ મીઠા ઝરણાનું પાણી ને ભૂખ્યાને ભાવતું ભોજન મળે ને તેનો ઉત્સાહ સમાય નહિ તેમ તેને પણ અપાર આનંદ થયો. યમદેવતા જેવા વક્તા પણ બીજે ક્યાં ને કોણ મળે? તેમનો પૂરો લાભ લેવાનું તે પણ કેમ મૂકે? તેથી જ નચિકેતાએ પોતાની જિજ્ઞાસા રજૂ કરતાં કહ્યું કે ધર્મ અને અધર્મથી પર, કર્મ ને અકર્મ અથવા સર્જન ને વિસર્જનથી પર ભૂત ને ભવિષ્યથી પણ પર એવું જે કંઇ પણ તમે જાણતા હો તે વિશે મને સમજાવો. ને એના અનુસંધાનમાં યમદેવનું વિશાળ વિવેચન ચાલુ થયું. તેનો ઊડતો ઉલ્લેખ આપણે કરી લઇએ.

યમદેવે કહ્યું : 'ભાઇ, આત્મા તે જ પરમાત્મા છે. તેને બ્રહ્મ પણ કહે છે. તે જ ટૂંકમાં પ્રણવ અથવા તો ૐકાર કહેવાય છે. તે



જ પરમતત્ત્વ ને પરમપદ છે. વેદો તેનું જ વર્ણન કરે છે. તેને પ્રાપ્ત કરવા, મેળવવા કે ઓળખવા માટે જ તપસ્વી તપ ને વ્રત કરે છે. તેમ જ તેને માટેના કડક નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. તે અવિનાશી છે. તેને જાણી લેવાથી માણસ જે જે વસ્તુની ઇચ્છા કરે છે તે તેને મળી રહે છે. તેને જાણવાથી જીવન ધન્ય ને ઉજ્જ્વળ બની જાય છે. જે તેને જાણે છે તે સંસારમાં મહાન બને છે ને જ્યાં જાય છે તે રહે છે ત્યાં પોતાની પ્રતિભાથી સર્વત્ર પૂજાય છે. આત્માનો કદી નાશ નથી થતો; તે જન્મતો કે મરતો નથી. તેની ઉત્પત્તિ નથી થતી ને તેમાંથી પણ કશું ઉત્પન્ન નથી થતું. તે જન્મરહિત, નિત્ય, સનાતન ને સૌથી પુરાતન છે. શરીર-નો નાશ થયા છતાં તેનો નાશ નથી થતો. જે આત્માને હણનારો ને હણાયેલો માને છે તે બંને જ્ઞાની નથી; કેમ કે તે કોઇથી હણાતો ને કોઇને હણતો નથી. તે સૂક્ષ્માતિસૂક્ષ્મ ને મહાનથી પણ મહાન છે. હૃદયરૂપી ગુફામાં તે વિરાજમાન છે. તેનું દર્શન દરેકને નથી થતું. મનને નિર્મળ કરવાથી, કામના તેમ જ શોકથી રહિત થવાથી, તેનો અનુભવ થઇ શકે છે. એ આત્મા સ્થિર છતાં સર્વવ્યાપક ને શાંત હોવા છતાં સર્વત્ર વિચરણ કરે છે. હે નચિ-કેતા, બહારથી આનંદમય જેવા દેખાતા છતાં ગુણાતીત એવા એ આત્માને મારાવિના બીજું કોણ જાણી શકે? એ આત્માને વ્યાપક-રૂપે જાણીને વિવેકી પુરુષ શોક તથા મોહથી મુક્તિ મેળવે છે.'

ઉપનિષદના આવા શ્લોકોમાંના કેટલાક ગીતાના શ્લોકો સાથે આબેહૂબ મળતા આવે છે. ગીતા ઉપનિષદની જ પુત્રી છે એ વાત યાદ રાખીએ તો તે માટે કોઇ શંકા નથી રહેતી.

(ક્રમશઃ)

## વનીકરણની વન વૃદ્ધિ, ને થશે પર્યાવરણ શુદ્ધિ

## * પર મો "વનમહોત્સવ" *

"વૃક્ષ ઉછેર અંગે પ્રજામાં આવી છે વ્યાપક જાગૃતિ
સહભાગી નંદનવન નિર્માણ યોજનાદ્વારા ઊછેરીએ ગ્રામવનરાજી"

— કેશુભાઈ પટેલ
મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય.

### વન વિભાગ હસ્તકની વિવિધ યોજનાઓની ઝાંખી

**વ્યક્તિગત લાભાર્થી યોજનાઓ :**

* કસ વગરની ખેતની જમીનનું વનીકરણદ્વારા પુનરોત્થાન.
* કિસાન/શાળા નર્સરી.
* ફળાઉ/કલમી રોપા વિતરણ (અનુ. જાતિ માટે).
* રોપા વિતરણ.
* સોલર કુકર.
* બાયોગેસ.
* ભારત સરકારના તેમ જ ગુજરાત સરકારના વૃક્ષ ઊછેર અંગેના વિવિધ પુરસ્કારો.

**પંચાયત લાભાર્થી યોજનાઓ :**

* ગૌચર જમીનમાં ગામોને ઊભાં કરી તેની ચોખ્ખી આવકના ૭૫ ટકાની રકમ પંચાયતને આપવામાં આવે છે.
* સુધારેલી સ્મશાન સગડી બેસાડવાની યોજના.
* વન કુટિર.
* વિનામૂલ્યે ૫૦૦૦ રોપાની ફાળવણી.

વધુ માહિતી માટે નજીકની વનવિભાગની કચેરી/નર્સરીનો સંપર્ક કરવા વિનંતી છે.

વિનવિભાગ, ગુજરાત રાજ્ય/માહિતી ૨૦૦૧

રોજગારીની તકોદ્વારા

## આદિવાસી મેળવશે એક આગવી ઓળખ

આદિવાસી પંચશીલદ્વારા આદિવાસીઓના વિકાસ માટે અમે ઊઠાવ્યાં છે નક્કર કદમ. આનંદ છે અમને, આદિવાસી ઉત્કર્ષનાં અમારાં વિવિધ કાર્યોને પ્રાપ્ત થઇ છે આગવી પહેચાન. આદિવાસીઓના સર્વાંગીણ વિકાસ માટે પ્રતિબદ્ધ સરકારે 'નાગરિક અધિકાર પત્ર'નો કર્યો છે સુચારુ અમલ.

આદિજાતિ વિકાસ માટે સરકારની કટિબદ્ધતા એટલે 'ન્યુ ગુજરાત પેટર્ન'. રાજ્યના અદિવાસી ભાઈ–બહેનોના શૈક્ષણિક, સામાજિક, આર્થિક વિકાસ માટે નક્કર પગલાં. સિંચાઈ, ચેક ડેમ, પાણી પુરવઠો, વીજળી, પશુપાલન વગેરે માળખાગત સુવિધાઓનો અમલ.

**આદિજાતિના આર્થિક ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ માટે મહત્ત્વની રોજગારલક્ષી યોજનાઓ**

* કુટિર ઉદ્યોગ, વાંસકામ તથા વંશપરંપરાગત વ્યવસાયો માટે નાણાકીય સહાય. * માનવ ગરિમા યોજના (ગરીબી નિવારણ કાર્યક્રમ). * કાયદા અને તબીબી તથા હોમિયોપેથિક સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા નાણાકીય સહાય. * અનુસૂચિત જનજાતિની બહેનો માટે સીવણ તાલીમ કેન્દ્ર. * તાલીમ–સહ–ઉત્પાદન કેન્દ્રો. * પૂર્વપરીક્ષા તાલીમ કેન્દ્ર તથા શોર્ટહેન્ડ ટાઇપિંગ વર્ગો. * કોન્સ્ટેબ્યુલરી શિક્ષણ અને અર્ધ તબીબી સેવાઓ તૈયાર કરવા જેવા વહીવટી ક્ષેત્ર કાર્ય માટે શિક્ષણ કેન્દ્ર. * ગાંધીનગર ખાતે પૂર્ણ વિકસિત છાત્રાલય અને તાલીમ સંકુલ. * ગાંધીનગર ખાતે "આદિજાતિ ભવન"નું નિર્માણ. * આઇ. એ. એસ./- આઇ. પી.એસ. સંલગ્ન સેવાઓ માટે પછાત વર્ગના વિદ્યાર્થીઓને સહાય. * વ્યાવસાયિકો માટે બિન નિવાસી છાત્રાલય. * ખેતીના સાધનો ખરીદવા માટે ખેતમજૂરોને નાણાકીય સહાય. * લઘુઉદ્યોગ સાહસિકોને શહેરી વિસ્તારોમાં વ્યવસાયનું સ્થળ કે દુકાન ખરીદવા માટે નાણાકીય સહાય. * કૃષિ વિષયક જમીન ખરીદવા માટે અનુસૂચિત જનજાતિના ખેડૂતોને નાણાકીય સહાય. * પછાત વર્ગના ખેડૂતોને ઓઇલ પંપ, ઇલેક્ટ્રિક મોટરની મરામત માટે સહાય. * શિક્ષિત બેરોજગાર યુવાનોને પેટ્રોલ પંપ, કેરોસીન, ક્રૂડ અને ગેસ વિતરણની એજન્સી માટે નાણાકીય સહાય.

(માહિતી/૨૦૦૧)

- હ્રદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી), ડાયાબિટીશ, દમ-અસ્થમા, જુની શરદી, કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાનેપણ સ્વીકાર્યુછે. એ માટે ....
  - અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
  - દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
  - Personal, Couple, Family, Teenage Counselling
- STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.
- ધો.૧૦,૧૧,૧૨નાં વિદ્યાર્થીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ
- ૬ થી ૧૫ વર્ષનાં બાળકો માટે દર રવિવારે યોગના ક્લાસ.
- યોગ અંગે વાર્તાલાપ - પ્રવચન - વ્યાખ્યાનમાળાનુંઆયોજન.
- Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.
- Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

# યૌગકૈવલ્યમ

સ્થાપના : ૧૯૯૩

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**● ડૉ. હિમાંશુ પાઠક ● શ્રીમતી હેમીના પાઠક ● શ્રીમતી મીરા દેસાઈ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૭૯૫૫૧૮, ૭૯૫૫૩૮, (રહે.) ૭૭૯૨૮૩ (મોબાઈલ) ૯૮૨૪૦ ૪૩૦૩૩

E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com



॥ ૐ ॥

# મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે, કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ **તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.**

★ **અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.**

## શ્રી વિજયભાઈ પંડિતજી

**જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)**

**પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.**

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.

**ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.**
**ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧**

EMAIL : pandat@indya.com

**સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.**

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના

# જન્મદિનની ઉજવણી

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો જન્મદિન તા. ૧૫ ઓગસ્ટ–દર વર્ષની જેમ અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં–પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં ઉજવાશે. આ ઉજવણી સર્વ-મંગલ ચેરિટેબલ ટ્રસ્ટદ્વારા કરવામાં આવી રહી છે. તો સર્વે ભાવિક સાધક ભાઈબહેનોને તેમાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે.

કાર્યક્રમમાં દર વખતની જેમ ગુરુપૂજન, પૂ. શ્રી નું પ્રવચન, ભજન, ધૂન અને સાધકોનાં વક્તવ્યોનો સમાવેશ થશે.

સવારે પ્રભાતવંદના અને સમૂહ પ્રણામનો કાર્યક્રમ પણ રહેશે.

— તંત્રી

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧



## * પારિજાતને પગલે *

પારિજાતને પગલે પ્રભુજી પધારજો,
સૂરજમુખીની આંખે શમણાં જોઉં જો;
પૂનમની રાતડીએ બાંધી આંખડી,
તાંદુલની પોટલીઓ મારે હાથ જો. પારિજાતને૦

કદંબની પાંદડીઓ ફરકે પાંપણે,
પાંખ વિના કેમ આવું તમારે દેશ જો;
જળ જમુનાના જગના જુગથી વહી રહ્યાં,
અમે રહી ગયાં તો યે કોરાંકટ્ટાક જો. પારિજાતને૦

વિરહાના રાજા કેમ આવું પાસમાં?
વાસ તમારા દૂર દ્વારકા દેશ જો;
અમરત પીધાં મીઠાં ગોપી માટથી;
અમે માંગીએ હરિવર એવાં દાન જો. પારિજાતને૦

— નલિની બ્રહ્મભટ્ટ

○

મોરબી ધ્યાન કેન્દ્રનો

# રજત જયંતી મહોત્સવ

ડૉ. બી. જે. જાગાણી

તા. ૩૦–૬–૦૧ ને શનિવારના રોજ સવારના ૯ કલાકથી બપોરના ૨–૩૦ કલાક દરમિયાન પૂ. મા સર્વેશ્વરીની નિશ્રામાં અને ૬૦૦ ભક્તોના સમૂહમાં દિવ્ય વાતાવરણમાં મોરબી ધ્યાનકેન્દ્રનો રજત જયંતી મહોત્સવ વિભૂતિ હોલ, સનાળા રોડ, મોરબી ખાતે ઉજવાઇ ગયો.

હોલ પર પૂ. માનું ભવ્ય સ્વાગત ધૂન, ગરબા, સ્તુતિ અને પુષ્પહારથી કરવામાં આવ્યું. સમાબેન કોટક, પવિત્રા ભોજાણી અને પ્રાર્થીબેન પુજારા નામની નાની બાલિકાઓએ 'મારું જીવન અંજલિ થાઓ' પદના ગાન સાથે નૃત્ય કરી પૂ. માનું લાક્ષણિક રીતે સ્વાગત કર્યું. પૂ. મા પણ પ્રસન્ન વદને બાલિકાના નૃત્ય સાથે કરકમળથી તાલ આપી પ્રેરણા આપતાં હતાં.

'મોરબી ધ્યાન કેન્દ્રને ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે, પૂ. શ્રી યોગેશ્વરજી સાચા ઝવેરી હતા. ૧ લી મે–૧૯૭૫ માં પૂ. શ્રીના પ્રવચનો મોરબીમાં યોજાયાં હતાં. આ પ્રવચનમાં ડોક્ટરો, વકીલો, પ્રાધ્યાપકો, ચિંતકો, અદના માનવીઓ આવતા. શ્રી ભોજાણી-ભાઇને ત્યાં ધ્યાનકેન્દ્ર શરૂ થયું. ફૂલ્યું ફાલ્યું અને આજે વટવૃક્ષ સમું આ કેન્દ્ર ૪૦૦ સક્રિય સભ્યોદ્વારા સમાજમાં શાંતિ પ્રસ-રાવીને આત્મકલ્યાણના માર્ગે પૂ. મા–પ્રભુની નિશ્રામાં પ્રવાસ કરી રહ્યું છે' આ હતો શ્રી રજબભાઇ બગથિયાનાં ધ્યાનકેન્દ્રનો પ્રતિભાવ.



ન્યૂ જર્સીથી સુશીલાબેન ભક્ત તથા રાધિકા આ ઉજવણી પર્વમાં ખાસ પધાર્યાં. અને પૂ. માની ઇચ્છાથી 'જનમનગણ અધિનાયક'વાળું રાષ્ટ્રગીત પોતાના સૂરીલા કંઠે શ્રી સુશીલાબેન ભક્તે ગાયું અને રાષ્ટ્રભક્તિમાં સૌને લીન કરી દીધાં.

**સંદેશાઓ:**–ટોરન્ટોથી શ્રી સુરેશભાઇ શાહ, અમેરિકાથી શ્રી સુતરિયાભાઇ, મસૂરીથી ગાંધીનિવાસ સોસાયટી શ્રી જયંતીલાલ ભટ્ટ, શ્રી નારાયણભાઇ જાની, બારડોલીથી પાઠકભાઇ, સુરત ધ્યાનકેન્દ્ર, કેલિફોર્નિયા ધ્યાનકેન્દ્ર, ન્યૂ જર્સી ધ્યાનકેન્દ્રથી આવેલા શુભ સંદેશાના વાંચનથી ૨૫ વર્ષ સુધી લગાતાર આ ધ્યાનકેન્દ્રમાં પ્રાણ પૂરનાર શ્રી હરિભાઇ ભોજાણી તથા શ્રી કલ્યાણની જોડીમાં પ્રેરણાનો ધોધ વહ્યો.

મા–પ્રભુ તથા ધ્યાનકેન્દ્ર પર શ્રી જયંતીલાલ ભટ્ટદ્વારા રચાયેલા શ્લોકનું ગાન શ્રી વિજયભાઇ પંડિતે કર્યું અને ભાવાર્થ સમજાવી સૌના હૃદયમાં ભાવ ભર્યો.

'પ્રકાશના પંથે' આધારિત પૂ. શ્રી નાં જીવન અને સાધના પર સંક્ષિપ્ત પુસ્તક 'મહાત્મા યોગેશ્વરજી' ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ, વડોદરાદ્વારા પ્રસિદ્ધ થયું જેનું વિમોચન શ્રી વિનુ-ભાઇ અમીનના હસ્તે થયું. આ પુસ્તકનું સંપાદન ડૉ. અરુણિકા મનોજ દરૂએ કર્યું છે.

'હીંચકે ઝૂલવા આવો મારા વ્હાલા'નામનું પદ પૂ. માએ વર્ષો પહેલાં રચ્યું અને ગાયું હતું. આ પદ આધારિત એક રાસ–૧૨ બહેનોએ ચેતનાબેન તથા મીનાબેનની દોરવણી હેઠળ રજૂ કર્યો. સૌને પૂ. માએ પ્રસન્ન વદને પ્રોત્સાહિત કર્યાં.

પૂ. શ્રીની અમૃતવાણી–ઓડિયો કેસટ–દ્વારાથી હોલમાં પૂ.

શ્રીની પ્રત્યક્ષતાનો અનુભવ થયો. આ અમૃતવાણીના અમૃત-બિંદુઓ આ પ્રમાણે છેઃ–

૧. માનવશરીર ક્ષેત્ર (ખેતર) છે. તેમાંથી કાંટા, કાંકરા, ખાડા દૂર થાય અને ખાતર, બીજ, પાણી, ખેડ માવજત મળે તો ઉત્તમ પાક લણાય.

૨. માનવશરીરરૂપી ખેતરમાં ઉત્તમ ફળ તો જ આવે જો સદ્બુદ્ધિ, સત્સંગ અને ભગવાનની ભક્તિનાં બીજ રોપાય.

૩. ઉત્તમ વિચાર, નીતિ, પરમાત્માની પ્રતિષ્ઠાથી જીવનક્ષેત્ર ધર્મક્ષેત્ર બની જાય છે. જીવનરૂપી ક્ષેત્રને ધર્મક્ષેત્ર રાખજો.

૪. ગ્રહો, નક્ષત્રો, પ્રારબ્ધ, ભગવાનને દોષ દેવો નહીં. આપણા પ્રમાદ, અહંકાર, મમતા, આળસ, અજ્ઞાન ને દોષ દેવો. અહંકાર, મમતા, રાગદ્વેષ નામના ગ્રહો અને કેટલાક સાધકે માની લીધેલા પૂર્વગ્રહો નડતા હોય છે. તેમાંથી મુક્તિ મેળવો અને શાંતિ પામો.

૫. પ્રભુને પ્રાર્થના કરો કે યૌવન, સંપત્તિ, ઐશ્વર્ય, વૈભવ નહીં હોય તો ચાલશે, પણ પ્રભુ, તમે અમારા જીવનમાં નહીં હો તો કદી નહીં ચાલે. આવો પ્રમાણિક એકનિષ્ઠ પ્રેમ કરો.

૬. જેણે ભગવાનનું શરણ સ્વીકાર્યું છે, સ્નેહપૂર્વક સ્મરણ કર્યું છે તેનો વાળ વાંકો થતો નથી, ભગવાન તેને પોતાના સમજીને જુદી જુદી રીતે મદદ કરે છે. સંસારના તાપ અને પરિતાપો વચ્ચે પણ તેનું રક્ષણ થતું રહે છે.

૧૯૭૯ માં મોરબીમાં પૂ. શ્રી તથા પૂ. માની ઉપસ્થિતિમાં ધ્યાન શિબિર થયેલી અને આ શિબિરમાં પૂ. માનું 'સર્વેશ્વરી' નામકરણ, સ્ટેજ પર પૂ. માને સ્થાન, પૂ. માદ્વારા શિબિરનું



ઉદ્‌ઘાટન વગેરે વિગતો આધારિત 'સોનાનો સૂરજ'નામની નાટિકા રજૂ થઇ.

શ્રી બાબુભાઇ વ્હોરા, શ્રી નારાયણભાઇ જાની, શ્રી અજય કલોલા, શ્રી રાજુભાઇ જાની, શ્રી ખોડાબાપા, શ્રી કલ્યાણ, શ્રી રાજુભાઇ પુરોહિત વગેરેએ શ્રી હરિભાઇ ભોજાણીના અભિ-વાદન પર્વે પોતાના શાબ્દિક પ્રતિભાવદ્વારા પ્રોત્સાહિત કર્યાં. પૂ. માદ્વારા આયોજિત–ગુપ્ત રાખેલ કાર્યક્રમ બેનર, પુષ્પગુચ્છ, હર્ષો-લ્લાસ, તાલીઓ, ભજનગાન(સગપણ શ્રી વરનું સાચું રે)થી જ્યારે રજૂ શ્રી અજય કલોલાદ્વારા થયો ત્યારે સન્માન પામનાર શ્રી હરિ પણ ભાવવિભોર થઇને હર્ષાશ્રુ સારવા લાગ્યા અને પ્રસન્ન થયા. પૂ. માએ શ્રી હરિને એક મઢેલો પ્રશસ્તિ પત્ર આપ્યો જેમાં 'યોગેશ્વરજીના યુગકાર્યો જન્મોજન્મ કરતા રહો અને પધારતા રહો'ના આશીર્વાદ આપીને સ્વર્ગીય સ્થાન આપ્યું. કાર્યક્રમનો આભારવિધિ શ્રી વિજયસિંહ રાણાએ કર્યો. ૨–૩૦ કલાકે બપોરે સૌએ ભોજન કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો. પૂ. મા પણ વ્યક્તિગત સાધકને દર્શન આપીને પ્રસન્ન વદને ભાવ ઝીલતાં હતાં અને દુઃખદર્દમાંથી મુક્તિ આપતાં હતાં.

'સંસ્કાર સિંચન થાય, આધ્યાત્મિકતાનો જીવનમાં સવેળા પ્રવેશ થાય, સંતોના દર્શન થાય, ત્રિતાપ દૂર થાય, સમાજ સંતોના આશીર્વાદથી ટકે, ફૂલે અને શાંતિ પામે તે માટે આવાં ધ્યાનકેન્દ્રો ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. જીવન પુષ્પને ખીલવાની તક આપે છે ને સુગંધિત બનાવે છે.' આ હતો સૌના પ્રતિભાવનો સાર.

હોલમાં ઉપસ્થિત બધાં જ સાધકો માટે સરસ ભોજનની

પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત દરેક પરિવારદીઠ મોરબી જેને માટે પ્રખ્યાત છે તેવાં ભીંત ઘડિયાળ, પૂ. મા–પ્રભુની ધૂનની કેસેટ–પ્રસાદનું પડીકું નાસ્તાના બોક્સ સાથે આપ્યું હતું, તે એક કાયમી સંભારણાની જોગવાઇ બની રહી.

મોરબી ધ્યાનકેન્દ્રે ૨૫ વર્ષ પૂરાં કર્યાં હોવાથી અધ્યાત્મ માસિકને રૂા. ૨૫ હજારની સહાય પણ શ્રી હરિભાઇ ભોજાણીએ રજત જયંતી ઉજવણી સમિતિ તરફથી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની દોરાણી નીચે જાહેર કરી હતી. તે બદલ તેમનો અધ્યાત્મના તંત્રીએ આભાર વ્યક્ત કર્યો.

આ સમગ્ર ઉજવણી માટેનો યશ શ્રી હરિભાઇ ભોજાણીના ફાળે એટલા માટે જાય છે કે તેઓની એકધારી નિષ્ઠાના પરિણામે મોરબી ધ્યાનકેન્દ્ર સતત વિકસતું રહ્યું છે. તેમને લાંબુ અને તંદુરસ્ત આયુષ આપે એવી ભાવના સાથે–ઉપસ્થિત સાધકોએ– પ્રભુને મંગલ પ્રાર્થના કરી હતી.

આ ઉજવણી પૂ. માની ઉપસ્થિતિથી ચેતના સભર બની રહી. સૌને પ્રેરણા પાઇ રહી. પોતાના જીવનની હરપળનો ઉપયોગ પૂ. મા માનવકલ્યાણ માટે જ કરતાં રહે છે અને આવું મંગલ કાર્યનું માધ્યમ ધ્યાનકેન્દ્ર અને કોઇક વ્યક્તિ બને છે. આમ મોરબીનું કેન્દ્ર અને શ્રી ભોજાણીભાઇ અને તેમના સહકાર્યકરો આવા માધ્યમ બનવા બદલ અભિનંદનને પાત્ર છે. ધ્યાનકેન્દ્રની સદ્-પ્રવૃત્તિનો જય હો, પૂ. ગુરુદેવ અને પૂ. માનો જય હો, જય હો, જય હો.

□



# અધ્યાત્મનો અર્ક

યોગેશ્વરજી

**પ્રશ્ન** : વિષયી માણસને ઈશ્વરદર્શન થઇ શકે?

**ઉત્તર** : વિષયના રસથી મુક્ત થઇ માણસ પવિત્ર ના બને ત્યાં લગી ઈશ્વરદર્શન કદી થઇ શકે નહિ. કાં તો વિષયમાં કે ઈશ્વરમાં બેમાંથી એકમાં જ માણસ પ્રીતિ રાખી શકે. ઈશ્વરી પ્રેમ ને ઈશ્વર દર્શન માટે કેવળ ઈશ્વરના જ વિષયમાં રત થઇ જવું જોઇએ.

**પ્રશ્ન** : ઋષિઓને મંત્રદ્રષ્ટા કહ્યા છે તેનું કારણ શું?

**ઉત્તર** : મંત્રદ્રષ્ટાના બે અર્થ છે. એક તો અમુક મંત્રદ્વારા સાધના કરી માણસે સિદ્ધિ મેળવી હોય તો મંત્રનો તે દ્રષ્ટા ઋષિ કહેવાય. આ ગૌણ અર્થ છે. બીજો અર્થ વધારે ગંભીર છે. સમાધિપ્રાપ્ત ઋષિઓને ધ્યાનની તીવ્ર દશામાં કે સમાધિમાં દિવ્ય મંત્રો સ્ફુરે છે, દિવ્ય જ્ઞાન થાય છે, ને તે જ્ઞાનનો તે લોકહિતાર્થે ઉપયોગ કરે છે. આ જ્ઞાન અનંત અને અનાદિ છે : તે કાંઇ ઋષિઓએ પોતે ઉપજાવેલું નથી. ઋષિઓ તે અનાદિ જ્ઞાનના દ્રષ્ટા છે. માટે તેમને દ્રષ્ટા અથવા મંત્રદ્રષ્ટા કહે છે. મંત્રદ્રષ્ટાનો આવો અલૌકિક અર્થ છે.

**પ્રશ્ન** : જેમણે કેવળ આત્મવિષયક ઉપદેશ આપ્યા છે, ને જેમણે આત્મોપદેશની સાથે સાથે ભૌતિક, સામાજિક, રાજકીય વગેરે ઉપદેશ આપ્યા છે તે બેમાં શ્રેષ્ઠ કોણ?

**ઉત્તર** : શ્રેષ્ઠ કોણ તે પ્રશ્ન જ નથી. મહાપુરુષોએ સમયની

જરૂરિયાત પ્રમાણે જેવા ઉપદેશની જરૂર હતી તેવો ઉપદેશ આપ્યો છે. ભારતીય ઈતિહાસમાં એવો પણ સમય હતો જ્યારે લોકો બાહ્યક્રિયાકાંડમાં જ અટવાઇ પડયાં હતાં : તે વખતે સદાચાર ને સત્યધર્મના ઉપદેશની જરૂર હતી. આ કામ બુદ્ધ તેમ જ શંકરે કર્યું છે. જ્યારે વ્યાસ, વાલ્મિકી, કૃષ્ણ, સમર્થ રામદાસ ને નાનક જેવા મહાપુરુષોએ સમયને અનુકૂળ બની આધ્યાત્મિક ઉપદેશની સાથે સાથે ભૌતિક રીતે પણ સહાયતા કરી છે. જેમ કે નાનકે શીખ સામ્રાજ્ય ને રામદાસે શિવાજીદ્વારા હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. ગાંધીજીએ પણ પોતાના સમયને પારખી બંને રીતે ઉપદેશ કર્યો છે. પણ તેથી અમુક મહાત્મા બીજાથી શ્રેષ્ઠ છે, ને અમુક મહાત્માએ ભૂલ કરી છે, એમ નથી. દરેકે દેશકાળને અનુરૂપ શિક્ષાદીક્ષા આપી છે.

**પ્રશ્ન** : ભક્તિદ્વારા લૌકિક લાભ મળે ખરો?

**ઉત્તર** : લૌકિક ને પારલૌકિક બંને પ્રકારના લાભ ભક્તિથી થઇ શકે છે. લૌકિક ઇચ્છાઓ ટળી જાય ને ભક્તનું હૃદય નિર્મળ બની જાય, એવું પ્રભુ ઘણે ભાગે કરી દે છે. છતાં કોઇને લૌકિક સુખ–સંપત્તિની ઇચ્છા હોય તો તે ઇચ્છા પણ ભક્તિદ્વારા પૂરી થઇ શકે છે. ભક્તિમાં કોઇ રીતે નુકશાન તો નથી જ નથી. નોકરીમાં પગાર મળે, તહેવાર પ્રસંગે બોણી મળે, ને છેવટે પેન્શન કે પ્રોવિડન્ટ ફંડ મળે, તેમ ભક્તિદ્વારા લૌકિક લાભ મળવાની સાથે સાથે મુક્તિ જેવો પારલૌકિક લાભ પણ મળી શકે છે. જુઓ ધ્રુવ ને પ્રહ્લાદને પ્રભુ મળ્યા ને રાજ પણ મળ્યું. પણ તેમને રાજની તમા ન હતી. રાવણે ભક્તિદ્વારા અપાર બળ ને સંપત્તિ મેળવી. ભક્તિદ્વારા જગતની કોઇ વિનાશી વસ્તુ મેળવવા કરતાં પ્રભુને મેળવવા તે જ સૌથી ઉત્તમ છે. છતાં તમારે લૌકિક



લાભની ઇચ્છા હોય તો તે પણ મેળવી શકાય છે. એમાં સંદેહ નથી. તમારી એવી ભક્તિ સકામ અથવા તો ગીતાની ભાષામાં અર્થાર્થી ભક્તની ભક્તિ કહેવાશે. નિષ્કામ ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે ને તે જ કરવાયોગ્ય છે.

**પ્રશ્ન** : સિદ્ધકોટિના પુરુષોમાંથી કેટલાક આજે મિથ્યાના તત્ત્વજ્ઞાનના રોગથી પીડાય છે. તે બધું મિથ્યા ને દુઃખમય જ માને છે, એટલે કોઇ સક્રિય હિતમાર્ગનું આચરણ કરતા નથી. તેઓ દેશ તેમ જ દુનિયાના પ્રશ્નોમાં રસ લઇ માર્ગદર્શન આપી શકતા નથી. આથી ઊલટું, જેમને સેવાની ઇચ્છા છે, ને જે સેવા કરે છે, તે આધ્યાત્મિક રીતે સંસિદ્ધિને પામેલ નથી. એટલે તેમની સેવા વ્યાપક, નક્કરને સર્વતોમુખી થતી નથી. એટલે આ બંનેનો સહયોગ થવો જોઇએ. તો જગતને મહાન વ્યક્તિત્વ મળી શકે. આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત પુરુષ લોકહિતમાં પડે તો મહાન કામ થાય એવું નથી લાગતું?

**ઉત્તર** : લાગે છે.

**પ્રશ્ન** : તો પછી મિથ્યાનો અર્થ શો? બ્રહ્મસત્ય જગન્મિથ્યા કહ્યું છે. તેનો અર્થ?

**ઉત્તર** : મિથ્યાનો અર્થ જુદો જ છે. મિથ્યાનો અર્થ 'છે જ નહીં' એવો નથી. જગત છે તો ખરું, પણ સનાતન નથી. તેના પદાર્થો ક્ષણભંગુર છે, એટલે તે સત્ય નથી. ને અસત્ય પણ નથી. માટે જ એ બંનેનો વચલો પ્રયોગ મિથ્યા છે.

મિથ્યાનો બીજો અર્થ એ છે કે જગતમાં ઈશ્વર જ રહેલો છે. જુદાં–જુદાં નામરૂપને લીધે જ જગતના પદાર્થોમાં ભેદભાવ ઉત્પન્ન થાય છે. તે ભેદ કેવળ વ્યાવહારિક છે, તાત્ત્વિક નથી. માટે

જગતને જગત કહેવું મિથ્યા એટલે કે અજ્ઞાન છે ને બ્રહ્મમય કહેવું સત્ય છે.

ત્રીજો અર્થ પણ છે, સમાધિમાં પરમ જ્ઞાન થતાં માણસને સર્વત્ર–પોતાની અંદર ને બહાર બ્રહ્માનુભવ થાય છે, એક ઈશ્વર-નું જ દર્શન થાય છે; તે દશામાં જગત મિથ્યાવૃથા–બને છેઃ એટલે એ અર્થમાં જગન્મિથ્યા એ શંકરાચાર્ય જેવા સમર્થ જ્ઞાની ને યોગીની અનુભવની વાણી છે.

સાધારણ માણસોએ જગતને મિથ્યા–નાશવંત સમજી તેના પદાર્થોમાં લપટાવાનું નથી, ને તેમાં રહી પરમ સત્યમય સનાતન ઈશ્વરની પ્રાપ્તિ કરી લેવાની છે.

**પ્રશ્ન** : સંસારી માણસને માટે ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં આગળ ધપવા માટે નામસ્મરણની સાથે બીજું શું કરવા જેવું છે?

**ઉત્તર** : સત્સંગ એટલે કે સારા શાસ્ત્રોનું શ્રવણ–મનન–વાચન કે સંતપુરુષોનો સમાગમ. સત્યરૂપી પરમાત્મા વિશે જેમાં રર્ણન છે તેવાં શાસ્ત્રોનો સંગ એ પણ સત્સંગ છે, ને સત્યરૂપી પરમાત્માને માર્ગે જે આગળ વધ્યા છે તેવા મહાપુરુષનો સંગ પણ સત્સંગ છે. આમાંથી જે સંતપુરુષોનો પ્રત્યક્ષ સમાગમ છે તે ખૂબ ફળદાયક છે. કેમ કે સંતપુરુષો શાસ્ત્રોના સારરૂપ હોય છે. શાસ્ત્રો તૈયાર શેરડીના સાંઠા જેવા છે પણ સંતપુરુષો તો તૈયાર કરેલો શેરડીનો રસ છે. તેમાં માણસે કાંઈ મહેનત કરવાની નથી. શાસ્ત્રોના સિદ્ધાંતોની સંતપુરુષો સાકારમૂર્તિ હોય છે. તેમના વચનમાંથી, વ્યવહારમાંથી ને પ્રત્યેક ક્રિયામાંથી શાસ્ત્રો ટપકતાં હોય છે. આવા સંતપુરુષોનો સંગ ઈશ્વરપ્રાપ્તિ માટે ખૂબ જરૂરી છે. ને તે કરવા તરફ મુક્તિ માર્ગના પ્રવાસીએ ખૂબ ધ્યાન આપવું જોઈએ. □



# MAUN SADHNA–2000

**Mahendra Bhakta**

**Bragg Creek Alberta, Canada**

## SADHNA

Pujya Maa asked if we'd like to talk about the books we have been reading. Since this is a Sadhna Shibir, I found some articles on the internet and started to read them here at the shibir. I'll just read some things from it briefly.

Sadhna is a spiritual movement towards God under strict and systematic rules. Sadhna is the main reason we are here. Sadhna cannot be attainted in 5 days, a month or a year, it's a life long process. Each and every day should be a progression towards God.

One of the important things about Sadhna is that you must have interest and liking in what you are doing, niyams. You have to seiect a Sadhna that is suitable for you, a one where you have the ability and capacity to do. I can say I'd like to do 500 pranam each day, and then do 450 is not good enough. You

have to maintain goals and keep them up. Also, quantity is not everything. Pick something you can handle and work your way up. One may have good intentions, but if they aren't backed up my good actions, then there is little room for advancement.

When starting, some of the things that you need are moral purity, spiritual desire and self discipline. Waking up early every day, attending on time, finishing your daily niyam are some examples.

One of Swami Sivananda's anology is.

Before you plant a seed, you first have to dig the soil and make a hole. The seed breaks itself before it sprouts out as a flower, hence Destruction prceceds Construction... and in the same way, you have to destroy your current nautre of living in order to develope a divine nature. We have to forget our homes. our bills, our work. our school. our friends.

Some simple rules of Sadhna, try not to mix too much with people, talk only when necessary. eat less, and sleep less. And if we



look at all these, they cause disturbances of the mind. Something Pujya Maa has preached to us since the shibir has started. Talking causes distraction, eating induces laziness and sleep. Don't expect the great fruits of Sadhna immediately, it takes time. So try to avoid thinking of expectations and concentrate on advancement.

What is the end of result of Sadhna? What are the signs of progression?

A healthy body, clean mind, voice will sound sweeter, more calm and poised, more cheerful, fearless and happy. You will be less upset at thing that got you upset prior to Sadhna. You will be looking to increase or advance your spirtual side.

So one of the things Maa has told to inplement the last few years is increased Sadhna. Another quote from Swami Sivananda. Act now, live now, Know now, Realize now, be happy now, Take advantage of this Shibir and each minute we have with Pujya Maa. No one ever knows the future, that's why take the present as a gift and enjoy it.

Today, on this very auspicious day Guru Purnima, we have one of the most sweetest, loving, dearest, saints ever to grace this soil. One of things you realize is, she never judges you, or ever holds you to any negative actions/thought you may have had or done. She always accepts you and looks at the side and teach along the way.

Each and everyone of us here today are very lucky. Out of the thousands of Pujya Maa's devotees, we have been blessed to celebrate this day with her. We have the most prestigious saint here with us. Even though Pujya Maa is in Maun, her actions speak volumes. I actually got to know Maa while she began her maun. I remember satsungs in Toronto where she would go in to Maun at 9 pm. Now, only Prabhu knows if we will ever hear her divine voice.

Pujya Maa does 200 pranams, jap, sadhna, spending time with us listening to the pravachans and video tapes in which she has already seen/heard several times before. Her desire to teach and fill us with knowledge still



remains within her. If you watch her during the morning pranam, I notice that the more pranam she does, the faster she goes. You can see her offering to Prabhu by just observing, so focused with such stable form in each pranam.

One of the consensus reached after last year's Shibir was that one of the greatest gifts/offereing we can give to God is PRANAM. Very simple. from the heart, and give as much as you want. Before this shibir, I had trouble doing I I pranams at home. So my first niyam was to change that, so I decided to do 360 pranams each day. When added at the end of the month, it should total at least 10,000.

The first day was extremely tough, my legs were very sore, I couldn't walk nor climb simple stairs properly. The next day, how am I going to carry on this niyam for 27 more days? On that same day in the afternoon I was wondering, it would be nice if there were some books on Pujya Maa, some details or even facts about her life, her sadhna. As I

was walking through the hallway, past the lovely sofas, I heard fingers snap, and of course, your attention span rises, you look for Pujya Maa. She was in the hall and I quickly went over. She sat me down, got a book and told me to read it. I read the title, "Autobiography of Maa." I was so overwhelmed. Maa does look after all.

The book, which probably will be one of many, describes her first few encounters with Pujya Shree Yogeshwarji in 1970. I read about how she admired him from afar, how she took care of his first picture, the way she made a copy of the first letter Pujay Shree Yogeshwarji ever sent her. One aspect of Pujya Maa that stood out was how she took care of the books. She put covers on them and made a journal indicating if anyone borrowed it, she would get back. If you look at this Shibir, who is always making sure the books are in order, aligned straight? and there everymorning? Pujya Maa.

The other day, one book was missing and Pujya Maa knew immediately. Her attention to



detail is one of her most amazing skills. Well, even though I was reading about Pujya Maa, I was also learning a lot about Pujya Shree Yogeshwarji. You get to see how and under what circumstances what attracted Pujya Maa to Prabhu. The way she listened, the way she looked and absorbed Prabhu is something we could put to practice ourselves.

Going back to the pranams, the next day of the shibir, I kept my eyes focused on Prabhu's swaroop while doing pranam. Instead of counting how many I've done, or how many are left, or looking at the clock, I kept focused and the pranams were done easily, On that day I did 400, with no stiffness in my legs. Ever since. Pranam has never been a problem for me, just on Wednesday, I did 650 pranams, and the whole time keeping focused on the Maa-Prabhu's swaroop.

So far I've enjoyed this Shibir, and there are still many days to come. Pujya Maa has looked after eveything and everyone with great detail. I've been watching and its amazing that no matter how pure she is, she is coming down to our level.

Pujya Maa has picked up that dirty mat in the front, and shook it to get rid of the dirt and grass, she has bend down and started fixing OUR shoes, is there anything more dirty than that? She was picking up each shoe and putting them straight her self, she moved heavy boxes so people can do work efficienlty. The other day, I was sitting in the office wriiting, and Pujya Maa peeked in, she was doing her jap, and she quickly turned on the light for me. How caring is that? And for a few days, she has played catch with the children. The other day after exercises, the kids got the ball, and everyone went inside. They didn't really have anything to play with, it was just the two of them. Pujya Maa got out of her chair, and signal throw me the ball. There she played catch with Dhruv and Arjun for at least 20 minutes. She was a kid herself, catching, throwing, missing the ball.

Well, the shibir is only a week old, and a lot has happend. But I'm very blessed that I can stay the entire month. The only thing that I can say is that, you have to take something



back with you when you return home. Or all of this sadhna, this shibir will be a failure. I remember Pujya Maa mentioning that in Alaska while on the boat. Take something home, implement it, and practice it.

Jai Krupalu Maa.

## સુધારો

અધ્યાત્મના મે–૨૦૦૧ ના અંકમાં "સ્વર્ગનાં સુમનો/સુમનો સ્વર્ગારોહણનાં"નો લેખ છાપવામાં આવેલ છે, તેનાં લેખિકા છે. ડૉ. અરૂણા ઠાકર. તેમનું નામ છાપવાનું રહી ગયેલું તો તે પ્રમાણે સુધારી વાંચવા વિનંતી.

એ જ રીતે અધ્યાત્મના એપ્રિલ–૨૦૦૧ ના અંકમાં "અહમાચલથી અરૂણાચલ"નો લેખ છે, તેમાં ભૂલથી શ્રી તરલાબેનના નામ આગળ ડૉ. લખાયું છે, તો સુધારી વાંચવા વિનંતી.

ક્ષતિઓ બદલ ક્ષમાયાચના.

— તંત્રી

# મૌન સાધના શિબિર-૨૦૦૦

લેખક : મહેન્દ્ર ભક્ત
અનુવાદ : તંત્રી

બ્રેગ ક્રીક આલ્બર્ટા-કેનેડા

## સાધના

પૂ. માએ પૂછ્યું કે અમે અહીં જે પુસ્તકો વાંચીએ છીએ, તે વિષે વાત કરવાનું ગમશે કે કેમ. આ સાધના શિબિર છે તેથી મેં ઇન્ટરનેટ ઉપર સાધના અંગેના કેટલાક લેખો શોધ્યા અને અહીં શિબિરમાં વાંચવા માંડયા.

સાધના એ ઈશ્વર પ્રતિની આધ્યાત્મિક ગતિ છે. જેમાં ચુસ્ત અને પદ્ધતિસરના નિયમોના પાલનની આવશ્યકતા છે. સાધનાના મુખ્ય હેતુ માટે જ તો આપણે સહુ અહીં આવ્યા છીએ. સાધના એવી પ્રક્રિયા નથી કે જે પાંચ દિવસ, એકાદ મહિનો કે વર્ષમાં સિદ્ધ થઇ જાય. એ તો જીવનપર્યંતની યાત્રા છે. (જીવનનો) પ્રત્યેક દિન ઈશ્વર તરફ જવાની ગતિરૂપ હોવો જોઇએ.

સાધના માટેની મુખ્ય અને અગત્યની વાત એ છે કે તમને તેમાં રસ પડવો જોઇએ અને જે નિયમોનું આચરણ કરો તેમાં રૂચિ હોવી જોઇએ. તમારે એવી સાધના પદ્ધતિ પસંદ કરવી જોઇએ જેને અનુસરવાની તમારી શક્તિ અને ક્ષમતા પણ હોય, હું કહી શકું કે હું રોજના ૫૦૦ પ્રણામ કરીશ, પરંતુ તે પછી હું ૪૫૦ પ્રણામ જ કરું તે બરાબર નથી. તમારે લક્ષાંક નક્કી કરી તેનું પૂરેપૂરું પાલન કરવું જોઇએ. વળી ગુણવત્તા એ જ સર્વ



કાંઇ નથી. તમે જે કરી શકો તો પસંદ કરી લો અને તમારી રીતે કરતા રહો. તમારા હેતુઓ શુભ હોય તે પૂરતું નથી, શુભ કાર્યોદ્વારા તે સમર્થન પામતા હોવા જોઇએ. જો એમ નહિ થાય તો પછી પ્રગતિ માટેની શક્યતા ઓછી સમજવી.

શરૂઆત કરતી વખતે, જે કરવા જેવી મહત્ત્વની વાતો છે તે નીતિમત્તા, પવિત્રતા, આધ્યાત્મિક અભિરૂચિ અને સ્વયં શિસ્ત. આનાં કેટલાંક ઉદાહરણ આ પ્રમાણે છે. વહેલા ઊઠો, સમયસર બધું કામ કરો અને રોજના લીધેલા નિયમોનું પાલન કરો.

સ્વામી શિવાનંદજીએ વર્ણવેલ રૂપક આ પ્રમાણે છે.

બીજ વાવતાં પહેલાં તમારે જમીન ખોદીને ખાડો કરવો પડે છે. બીજનું ફૂલમાં રૂપાંતર થાય તે પહેલાં તેનું વિભાજન થાય છે. આમ નવા સર્જન પહેલાં વિસર્જનની પ્રક્રિયા થાય છે તે જ રીતે તમારે તમારી ચાલુ (ભૌતિક) જીવન પ્રણાલિને બદલીને નવી દિવ્યતા ભરેલ પદ્ધતિને વિકસાવવી પડે. તે માટે આપણે આપણાં ઘરો, આપણાં બીલો, આપણું કામ, આપણી શાળા, મિત્રો વગેરેને ભૂલવા પડે.

સાધના માટેના કેટલાક સાદા નિયમો આ પ્રમાણે છે. લોકો સાથે હળવામળવાનું ઓછું કરો, જરૂર પૂરતી જ વાતચીત કરો, ઓછું ખાઓ અને ઓછી ઊંઘ લો. અને આપણે જો આ બધી વાતોનું નિરીક્ષણ કરીએ તો જણાશે કે તે બધી જ મનમાં વિક્ષેપો પેદા કરે છે. સાધના શિબિરના પ્રારંભમાં જ પૂ. માએ આપણને કેટલીક વાતો ઉપદેશી છે. જેવી કે (કામ વગરની) વાતોથી મનમાં વિક્ષેપ થાય છે અને (ભારે) ખાવાથી પ્રમાદ અને ઊંઘ આવે છે. સાધનાનાં બહુ મોટાં પરિણામો તાત્કાલિક હાંસલ થઇ જશે, એવી

અપેક્ષા ના રાખો. તેમાં સમય લાગે છે એટલે પરિણામોની ચિંતા કર્યાવગર વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરો.

સાધનાનું આખરનું લક્ષ્ય શું છે? વિકાસ કે પ્રગતિ થઇ રહી છે તેનાં લક્ષણો કેવાં હોય?

તંદુરસ્ત શરીર, નિર્મળ મન, વધારે મીઠો અવાજ શાંતિ અને સ્થિરતા, વધુ પ્રસન્નતા, અભય અને આનંદ. સાધના પહેલાં જે ઘટનાઓથી તમે વિચલિત થતા હતા તેનાથી હવે ઓછા અસ્થિર થશો. તમે તમારી આધ્યાત્મિક પ્રગતિ તરફ વધારે લક્ષ આપતા થશો.

એથી તો પૂ. માએ જે કેટલીક વાતોનો અમલ છેલ્લાં થોડાં વર્ષોથી કરવા માંડયો છે તેમાં સાધના વધારો તે મહત્ત્વની છે (આ અંગે) સ્વામી શિવાનંદજી લખે છે, વર્તમાનમાં જ કાર્ય કરો, જીવો, સમજો અને અનુભવો. એટલે તુરત જ સુખી બની જશો. એથી આ શિબિરનો અને પૂ. મા સાથેની હરક્ષણનો લાભ ઊઠાવી લો. કોઇ જાણતું નથી કે કાલે શું થશે. તેથી વર્તમાનની હરક્ષણને પ્રભુની કૃપા ગણી તેનું સુખ માણી લો.

આજે ગુરુપૂર્ણિમાનું મંગલ પર્વ છે, ત્યારે આપણી આ ભૂમિ કદી વિભૂષિત ન થઇ હોય એવા મધુર, પ્રેમાળ, વ્હાલા સંત પ્રાપ્ત થયા છે. તેમના વિષે તમે અનુભવ્યું હશે કે તેઓ તમારાં અત્યારનાં કે ભૂતકાળના ખરાબ વિચારો કે કાર્યોનો ન્યાય તોલવા બેસતાં નથી. તેમ જ નકારાત્મક કર્મો બદલ દોષિત ઠેરવતાં નથી. તેઓ હંમેશાં તમે જેવા છો તેવાનો સ્વીકાર કરે છે, તમારામાં જે શુભ છે તેનું દર્શન કરે છે અને તમને પ્રભુપંથે વાળે છે.

આપણામાંના એકેએક જણ આજે અહીં આવવા બદલ ખરેખર ભાગ્યશાળી છીએ. પૂ. માના હજારો અનુયાયીઓમાંથી આપણે કૃપાપાત્ર છીએ. કે પૂ. માના સાન્નિધ્યમાં આ દિવસની



ઉજવણીમાં ભાગ લઇ રહ્યા છીએ. આપણી વચ્ચે અહીં એક અતિ મૂલ્યવાન સંત ઉપસ્થિત છે. જો કે પૂ. મા ભલે મૌન પાળતાં હોય. પરંતુ તેમનો વ્યવહાર આપણને ઘણું બધું કહી જાય છે. પૂ. માએ ક્યારે મૌન ધારણ કર્યું તે મારે ખરેખર જાણવું છે. હું એ જાણું છું કે ટોરેન્ટોમાં પૂ. મા સત્સંગ પછી રાત્રે ૯ પછી મૌન પાળતાં. હવે એક ગુરુદેવ પ્રભુ જ જાણે કે પૂ. માની દિવ્ય વાણી ફરી આપણે ક્યારે સાંભળવા પામીશું.

પૂ. મા રોજ ૨૦૦ પ્રણામ કરે છે. સાથે સાથે જપ અને પોતાની રોજની સાધના પણ. આ ઉપરાંત પૂ. ગુરુદેવનું પ્રવચન અને સાધકોના પ્રશ્નો સાંભળે છે. તેમ જ વિડિયો જુએ છે જે તેઓ અગાઉ જોઇ ચૂક્યાં છે. આમ છતાં આપણને જ્ઞાન આપવા કે શીખવવા તેઓ આ બધું કરતાં રહે છે. પૂ. માને સવારે પ્રણામ કરતાં તમે ધ્યાનથી જોયાં હોય તો મારી જેમ તમારા ધ્યાનમાં પણ આવ્યું હશે કે જેમ જેમ પૂ. મા પ્રણામની સંખ્યા વધારતાં જાય છે, તેમ તેમ તેમની ઝડપ પણ વધતી જાય છે. દરેક પ્રણામ વખતે કેવી સ્થિરતા અને એકાગ્રતાથી પૂ. મા પોતાના ગુરુદેવને પોતાનો ભાવ અર્પિત કરતાં રહે છે, તે તમે જોઇ શકો છો.

ગયા વર્ષની શિબિર પછી અમે સર્વસંમતિથી જે એક વાત સ્વીકારી છે તે એ છે કે પૂ. પ્રભુને આપણે કોઇ મોટામાં મોટી ભેટ ધરી શકીએ એમ હોઇએ તો એ પ્રણામ છે. તે ખૂબ સરળ છે અને હૃદયથી તમે જેટલું આપવા માગો તેટલું આપી શકો છો. આ શિબિર પહેલાં ઘરે ૧૧ પ્રણામ કરતાં મને તકલીફ થતી. તેથી મેં પહેલો નિયમ એ કર્યો કે મારે બદલાવું જોઇએ અને રોજ ૩૬૦ પ્રણામ કરવા. મહિનાના અંતે આ બધાનો સરવાળો ઓછા-માં ઓછો ૧૦,૦૦૦ તો થવો જ જોઇએ.

(આ પ્રણામ કરતાં) પહેલે દિવસે એકદમ ખૂબ તકલીફ થઈ. પગ સૂઝી ગયા. ચાલી પણ ન શકાતું. તો સાદાં પગથિયાં પણ ચઢતાં મુશ્કેલી પડતી. આથી મને વિચાર આવ્યો કે હવે બીજા ૨૭ દિવસ આ નિયમનું પાલન શી રીતે થઈ શકશે? તે જ દિવસે સાંજે મને લટાર મારતાં મારતાં વિચાર આવ્યો કે પૂ. માના જીવન વિષે કે તેઓની સાધના વિષેનુ કોઈ પુસ્તક મળી જાય તો મઝા આવી જાય! (તે પછી) જેવો હું હોલમાંથી પસાર થઈ રહ્યો હતો અને સુંદર સોફાઓ પસાર કરી આગળ વધ્યો કે મેં તાળીનો અવાજ સાંભળ્યો તેથી મારું ધ્યાન તે તરફ ખેંચાયું અને મને થયું કે પૂ. મા તો નથી શું? પૂ. મા હોલમાં જ હતાં એટલે હું ઝડપથી તેમની નજીક પહોંચી ગયો. તેમણે મને બેસાડયો અને મારા હાથમાં એક ચોપડી આપી કહ્યું આ વાંચી જજે. બુક પરનું શીર્ષક હતું. "પૂ. માની આત્મકથા" તે જોતાં જ હું ગદ્‌ગદિત થઈ ગયો. મને થયું પૂ. મા બધાંનું ધ્યાન રાખે છે.

ઘણા બધા ભાગોમાં લખાયેલી આ આત્મકથામાં ૧૯૭૦ ની સાલમાં પ. પૂ. યોગેશ્વરજી સાથેની શરૂઆતની કેટલીક મુલાકાતોનું વર્ણન છે. તેમાં મેં વાંચ્યું કે દૂર રહ્યે રહ્યે પણ પૂ. મા તેઓના પ્રત્યે કેવો આદરભાવ રાખતાં, પૂ. શ્રી ના પહેલા લીધેલા ફોટોગ્રાફની તે કેવી કાળજી રાખતાં અને પરમ પૂ. યોગેશ્વરજીએ જે પહેલો પત્ર તેમના ઉપર લખેલ તેની નકલ કેવા ભાવપૂર્વક કરી! પુસ્તકોની જાળવણી તેઓ કેવી સરસ રીતે કરતાં, તે તેમાંથી જણાઈ આવે છે. પુસ્તકો ઉપર પૂંઠાં ચડાવતાં અને તેનું રજીસ્ટર રાખતાં અને જ્યારે કોઈ પુસ્તક વાંચવા લઈ જાય ત્યારે આ રજીસ્ટારમાં તેની નોંધ કરી લેતાં, જેથી તે પુસ્તક પાછું મેળવી શકાય. આ શિબિરની જ વાત કરીએ તો અહીં પુસ્તકો વ્યવસ્થિત લાઈન બંધ રાખેલાં છે કે કેમ તેની ખાત્રી કરી લેતાં, પૂ. માનો આ રોજનો ક્રમ હતો.

એક દિવસ એવું બન્યું કે એક પુસ્તક મળતું ન હતું. પૂ. માને



એનો ખ્યાલ તુરત આવી ગયો. તેઓનું કોઈ પણ બાબતનું ઝીણવટભર્યું નિરીક્ષણ એ તેઓની આશ્ચર્ય પમાડે તેવી આવડત છે. જો કે હું પૂ. માનું જીવન વાંચી રહ્યો હતો, છતાં મને પ. પૂ. યોગેશ્વરજી વિષે પણ ઘણું જાણવા મળતું. કેવા સંજોગોમાં અને કેવી રીતે પૂ. મા ગુરુદેવ પ્રત્યે આકર્ષાયાં તે જાણવા મળ્યું. જે રીતે તેઓ પૂ. શ્રીને સાંભળતાં, તેમના પ્રત્યે કેવા ભાવથી નિહાળતાં અને પૂ. શ્રી મા કેવાં એકાકાર થતાં. આ બધી બાબતોનું અનુસરણ આપણે પણ આપણા જીવનમાં કરી શકીએ.

હવે પછી પાછી પ્રણામ વિષે વાત કરું. શિબિરના બીજા દિવસે, મેં મારું ધ્યાન પ્રણામ કરતી વખત પ્રભુના સ્વરૂપ ઉપર કેન્દ્રિત કર્યું. મારાથી કેટલા પ્રણામ થયા, કેટલા બાકી છે, કે ઘડિયાળમાં કેટલો સમય થયો. આ બધું છોડીને મેં મારી દૃષ્ટિ ફક્ત પૂ. ગુરુદેવ પર જ કેન્દ્રિત કરી. તો મને લાગ્યું કે પ્રણામ સહેલાઈથી થતા રહ્યા. તે દિવસે મારાથી ૪૦૦ પ્રણામ થયા. પગોનો દુઃખાવો જરાય જણાયો નહિ. તે પછી તો બાકીના દિવસોમાં પ્રણામ મારા માટે કદી સમસ્યારૂપ બન્યા નહિ. એક બુધવારના દિવસે મેં ૬૫૦ પ્રણામ કર્યાં. પૂ. મા–પ્રભુનાં સ્વરૂપો ઉપર બધો સમય ધ્યાન કેન્દ્રિત કરી રાખ્યું.

અત્યાર સુધી મેં શિબિરનો આનંદ માણ્યો છે અને હજી તો બીજા ખાસ્સા દિવસો બાકી છે. પૂ. મા દરેક બાબતમાં અને દરેક વ્યક્તિનું ખૂબ ઝીણવટભર્યું ધ્યાન રાખતાં, હું જોયાં કરતો ને મને આશ્ચર્ય થતું કે પૂ. મા કેટલાં બધાં સ્વચ્છ હોવા છતાં, આપણી કક્ષાએ, ઉતરી આવતાં (એક દિવસ) આગળના ભાગમાં પડેલી ગંદી ચટાઈ તેઓએ ઊંચકી લીધી અને ખંખેરી જેથી તેના ઉપર

ચૉટેલો કચરો અને ઘાસ ખરી પડે. વળી તેઓ નીચાં વળીને આપણાં પગરખાં ગોઠવવા લાગ્યાં. આના કરતાં વધુ અસ્વચ્છ બીજું શું હોઇ શકે? દરેક જોડાને જાતે ઊંચકીને તેને સીધી લીટીમાં ગોઠવ્યો. ઘણાં વજનદાર ખોખાંને ખસેડયાં જેથી લોકો પોતાનું કામ સરળતાથી કરી શકે. એક દિવસ ઓફિસમાં બેસી હું લખતો હતો. અને પૂ. મા અંદર આવી ગયાં, તેઓ પોતાના જપ કરી રહ્યાં હતાં. તેઓએ તુરત જ મારા માટે લાઇટ કરી. આ કેવી સરસ કાળજી? થોડા દિવસ તેઓ બાળકો સાથે દડાથી રમતાં. એક દિવસ વ્યાયામ પછી, છોકરાઓને દડો મળ્યો, પરંતુ બધાં જ મેદાનમાંથી હોલમાં જતાં રહ્યાં. હવે તેમની સાથે બહાર રમનારું કોઇ રહ્યું નહિ, માત્ર બે જ બાળકો રહ્યાં. તો પૂ. મા તુરત જ પોતાની ખુરસીમાંથી ઊભાં થઇ ગયાં અને બોલ ફેંકવા માટે નિશાની કરી. આમ ધ્રુવ અને અર્જુન સાથે પૂ. મા ૨૦ મિનિટ સુધી દડે રમ્યાં. જાણે એક બાળકની જેમ દડો ઝીલતાં, ફેંકતાં અને ચૂકી જતાં.

હજી તો શિબિરનો પ્રારંભ થયે અઠવાડિયું જ થયું છે અને તે દરમ્યાન ઘણું બની ગયું. કિન્તુ હું ખરે જ ભાગ્યશાળી છું કે શિબિરમાં આખા મહિનાસુધી રહી શક્યો. મારે તો ફક્ત એટલું જ કહેવાનું છે કે શિબિરમાંથી ઘરે પાછા ફરો ત્યારે કંઇક સારું ગાંઠે બાંધી લઇ જજો. જો તેમ નહિ થાય તો આ સાધના અને શિબિર એ બે ગઇ સમજજો. મને યાદ છે કે પૂ. માએ એલાસ્કાથી બોટમાં પાછાં ફરતાં આવું જ કહ્યું હતું. થોડું ગ્રહણ કરજો, તેનું આચરણ કરજો અને (રોજીંદા જીવનમાં) તેનો અમલ કરજો.

જય કૃપાળુ મા.



# શ્રી વિષુભાઇ જાનીને શ્રદ્ધાંજલિ

તંત્રી

શ્રી વિષુભાઇ જાનીનો સ્વર્ગવાસ તા. ૨–૭–૨૦૦૧ ના રોજ બોરીવલી (મુંબઇ) ખાતે થયો. ત્યારે તેમનું વય ૮૧ વર્ષનું હતું. કોઇ પણ પ્રકારની ખાસ માંદગી કે શારીરિક પીડાવિના બોલતાં ચાલતાં, તેમનું શરીર શાન્ત થયું. ઘણું સરસ મૃત્યુ.

શ્રી વિષુભાઇ જાનીનું આખું નામ વિશ્વનાથ મૂળશંકર જાની. સાબરકાંઠાના ઇડર તાલુકાનું બડોલી ગામ એમનું જન્મસ્થળ. મુંબઇમાં તેઓ વાલકેશ્વરમાં રહેતા.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના તેઓ વિદ્યાકાળના સહાધ્યાયી, પૂર્વજન્મના શુભ સંસ્કારોના પરિણામે નાની વયથી જ તેઓ પૂ. શ્રીના ચાહક અને પ્રશંસક હતા. વિદ્યાકાળથી જ પૂ. શ્રીની આધ્યાત્મિક ઉચ્ચતાને તેઓ પીછાણી ગયેલા. એટલે પૂ. શ્રી યોગેશ્વરજી પ્રત્યેનો તેમનો પ્રેમ એક ધારો જીવનપર્યંત રહ્યો; એટલું જ નહિ પરંતુ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પણ તેઓ આદરણીય ભક્ત બની રહ્યા. પૂ. મા પણ પૂ. શ્રીના આ વિદ્યાકાળના સખાને યાદ કરતાં રહેતાં અને એથી જ તો મોરબીથી આ જૂનના આખરમાં ખાસ યાદ કરીને મુંબઇ જતા ભક્ત સાથે તેમને માટે પૂ. માએ ખાસ પ્રસાદ મોકલાવ્યો.

શ્રી વિષુભાઇ ગૃહસ્થી હતા. પરંતુ તેમના ભાગ્યમાં સાંસારિક સુખ ન હતું. એટલે નાની વયથી જ તેમનાં પત્ની શ્રી કાન્તાબેનને વિચિત્ર પ્રકારની બિમારી રહી. પરિણામે તેમને તેમની

પત્નીની સેવા કર્યાં કરવી પડતી. વળી તેઓ છેલ્લાં આઠ વરસ લકવાની બિમારીનો ભોગ બન્યા ત્યારે પણ તેમણે ભાઇના પુત્રો-ની સહાયથી પત્નીની સરસ સેવા કરી. સને ૧૯૯૫ માં તેમનો સ્વર્ગવાસ થયો. તે પછી પણ પૂ. મા–પ્રભુની કૃપાથી ખૂબ સ્વસ્થ રહી શક્યા.

શ્રી વિષુભાઇ સ્વભાવે ઉદાર, દયાળુ, સરળ અને ખૂબ પ્રેમાળ. તેમનું હૃદય ખૂબ સંવેદનશીલ અને શ્રદ્ધાળુ એટલે તો પૂ. શ્રીએ સાધનાકાળમાં ભોગવેલાં કષ્ટોને યાદ કરતાં તેમનો કંઠ રુંધાઇ જતો અને આંખમાં આંસુ આવી જતાં. આવી સહજ હતી એમની સંવેદનશીલતા.

પોતાના સાંસારિક જીવનની કઠિનાઇઓ માટે તેઓએ કદી પૂ. શ્રીને કે ભગવાનને ફરિયાદ કરી નથી. તેઓ કહેતા "આપણા ઋણાનુબંધ આપણે ભોગવી લેવાના. એમાં ભગવાનને શું ફરિયાદ કરવાની?" કેવી સરસ સમજ.

યુવાનવયથી જ સંસારથી અનાસક્ત એવા શ્રી વિષુભાઇ સાચા અર્થમાં વિતરાગી હતા. જીવતાં જ તેઓ ઊંડી શાન્તિનો અનુભવ કરતા. એવા એમના આત્માને–મૃત્યુ પછી શાન્તિ જ હોય–છતાં પૂ. મા–પ્રભુ તેમને ખૂબ ખૂબ શાન્તિ આપે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

## * કયું બળ વધારે બળવાન છે? *

કયું બળ વધારે બળવાન, વધારે ચિરસ્થાયી ને સનાતન છે. દૈવી સંપત્તિનું કે આસુરી સંપત્તિનું? અજ્ઞાની લોકો ભલે કહે કે આસુરી સંપત્તિનું, પરંતુ સ્વાનુભવસંપન્ન જ્ઞાની પુરુષો કહે છે કે દૈવી સંપત્તિનું બળ વધારે શક્તિશાળી અને સર્વોપરી છે. આખરે એ જ વિજયી થાય છે. વિજય ન્યાયનો, નીતિનો, માનવતાનો, સત્યનો, સમર્પણનો ને સહનશક્તિનો થાય છે; અન્યાયનો, અનીતિનો, દાનવતાનો, અસત્યનો, સ્વાર્થવૃત્તિનો અથવા અત્યાચારનો નથી થતો. થોડાક વખતને માટે કદાચ આસુરી સંપત્તિ શક્તિશાળી બનીને સફળતાને વરતી લાગે તે ભલે, પરંતુ આખરે એનો મૃત્યુઘંટ વાગે છે. પરંતુ મનુષ્ય હજી પણ એ સત્યને ક્યાં ઓળખે છે? એને અનુસરવા ક્યાં આગળ આવ્યો છે? હિરણ્યકશિપુની પહેલાંના અને એના વખતના જમાનાથી માંડીને છેક આજ પર્યંત એણે આસુરી સંપત્તિનો આધાર લઇને દૈવી સંપત્તિને દબાવવાનો, નમાવવાનો, પરાસ્ત કરવાનો ને વિનષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ અંતે એને પોતાને જ દબાવું, નમવું, પરાસ્ત થવું ને નષ્ટ બનવું પડ્યું છે. માનવના અ-લૌકિક અંતરાત્માને કદી પણ કાયમને માટે દબાવી, ડરાવી, ડગાવી કે મારી નથી શકાયો.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * સાચો જ્ઞાની *

જ્ઞાનનું પહેલું લક્ષણ અમાનીપણું, અહંકાર રહિતપણું અથવા તો નમ્રતા છે. એટલે કે જ્ઞાનીમાં અમાનીપણું ને નમ્રતા હોવી જોઇએ. જ્ઞાનનો અહંકાર જેના અંતરમાં ઊતરી ગયો હોય; તે જ્ઞાની હોય તોપણ તેનામાં કાંઈક કચાશ છે એ નક્કી સમજી લેવું. જ્ઞાનીને પોતાના જ્ઞાનનું અભિમાન હોતું નથી. તેને કોઇના માનની આશા હોતી નથી. તમે તેનું સન્માન કરો કે ના કરો, તેની નિષ્ઠામાં કંઇ ફેર પડતો નથી. તેનું સન્માન કરવામાં આવે તો તે પ્રસન્ન થતો કે હરખાતો નથી ને સન્માન કરવામાં આવે નહિ, તો તે ગુસ્સે થતો નથી. કે તેને દુઃખ થતું નથી. પોતે માનની ઈચ્છા રાખ્યાવિના તે બીજાને માન આપવા સદા તૈયાર રહે છે. તે અત્યંત નમ્ર હોય છે. કોઈ તેની પ્રશંસા કરે તો તે ફુલાઈ જતો નથી. પ્રશંસા કરનારને તે કેટલીકવાર જવાબ આપે છે કે ભાઈ પ્રશંસાને પાત્ર તો એક પરમેશ્વર છે. તેની જ પ્રશંસા કરો. જ્ઞાની જેમ નમ્ર તેમ સરળ કે સાફદિલ પણ હોય છે. વિચાર ને વર્તન ચોક્ખાં હોય છે. જ્ઞાનીનું ત્રીજું લક્ષણ છે અહિંસા. જ્ઞાની પુરુષ અહિંસાની મૂર્તિ જેવો હોવો જોઈએ. જ્ઞાનીનું ચોથું મહત્ત્વનું લક્ષણ છે ક્ષમા.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.